Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ


પુસ્તક ૪૪ મું. આત્મ સં. ૫૧ સંવત ૨૦૦૩.

અંક ૯ મો. ચૈત્ર : એપ્રિલ

પ્રકાશન તા. ૧-૪-૧૯૪૭


सम्यग् दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.


વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ વીર વન્દન ... ... ... | લે. મુનિ પૂર્ણાનન્દ વિજય કુમાર શ્રમણ | ૧૪૭ |
| ૨ શ્રી મહાવીર પ્રભુની જન્મ જયંતિ. ... ... ... | લે. મુનિરાજ શ્રી દક્ષવિજયજી | ૧૪૮ |
| ૩ શ્રી મહાવીર જન્મ કલ્યાણક સ્તવન ... ... ... | લે. મુનિરાજ શ્રી દક્ષવિજયજી | ૧૪૮ |
| ૪ પરમપૂજ્ય શ્રી સિદ્ધસેન દિવાકરજી મહારાજે રચેલા ઉપલબ્ધ કેટલાક ગ્રંથોનો ટુંક પરિચય | લે. આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિ મહારાજ | ૧૪૯ |
| ૫ વિચાર શ્રેણી ... ... ... | લે. આચાર્ય શ્રી વિજય કસ્તૂરસૂરિજી મહારાજ | ૧૫૪ |
| ૬ માનવભૂમિના પાંચ કલ્પવૃક્ષો... ... ... ... ... | લે. પંડિત લાલન | ૧૫૮ |
| ૭ ધર્મ કૌશલ્ય ... ... .. ... ... ... | લે. મૌક્તિક | ૧૫૯ |
| ૮ યોગ મીમાંસા ... ... ... | લે. મુનિ પુણ્યવિજયજી ( સંવિજ્ઞ પાક્ષિક | ૧૬૩ |
| ૯ પ્રત્યેક બુદ્ધ ... ... ... ... ... ... | લે. ચોકસી | ૧૬૫ |


# વર્તમાન સમાચાર.

પરમ ગુરૂદેવ,, પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી ( આત્મારામજી મહારાજ ) ની જન્મ જયંતી ચૈત્ર શુદી ૧ રવિવારના રોજ શેઠ શ્રી સકરચંદભાઈ મોતીલાલભાઇ મુળજીની મળેલી આર્થિક સહાયવડે શ્રી પરમ પવિત્ર શ્રી શત્રુંજયગિરિ ઉપર આ સભા તરફથી ઉજવવામાં આવી હતી. ગયા વર્ષ મુજબ દેવ ગુરૂ, ભક્તિ ( આંગી, પૂજા, વગેરેથી ) ભક્તિ કરવામાં આવી હતી.

આ સભાના સભાસદોનું સદ્‌ભાગ્ય છે કે દેવ, ગુરૂ ભક્તિના આવા આત્મકલ્યાણ માટે માંગલિક પ્રસંગો પ્રાપ્ત થયા છે.

---

## અમારી સભા તરફથી થયેલી નવી યોજના.

### ( સમર્થ તાર્કિકચક્રવર્તી )

### શ્રી સિંહસૂરવાદિગણિક્ષમાશ્રમણ વિરચિત

## द्वादशारनयचक्रटीका.

નયવાદપારંગત તાર્કિકશિરોમણિ **આચાર્ય શ્રી મલ્લવાદી**પ્રણીત **द्वादशारनयचक्र** મૂલ ગ્રંથ કે જે ભાષ્યસ્વરૂપ છે તે તો આજે અપ્રાપ્ય છે-ક્યાંય એ ગ્રંથ મળતો નથી. આજે તો એ જૈન દર્શન પ્રભાવક સમર્થ દાર્શનિક ગ્રંથની માત્ર **श्रीसिंहसूरवादिगणिक्षमाश्रमण** કૃત ટીકા જ મળી શકે છે. એ ટીકા પણ અતિ અશુદ્ધ અને ભ્રષ્ટસ્વરૂપ થઇ જવાને લીધે તેની એક શુદ્ધ હસ્તપ્રતિ ન્યાયાચાર્ય શ્રી યશોવિજયોપાધ્યાયે પોતાના હાથે કરી હતી. પરંતુ આજે એ પ્રતિ પરિચિત કોઇ ભંડારમાં જોવામાં નથી આવતી. એટલે એ પ્રતિ ઉપરથી લખાએલા અતિવિષમ રીતે ભ્રષ્ટ થએલા જે આદર્શો જોવામાં આવ્યા છે તે બધાયને એકત્ર કરી તેના આધારે પ્રસ્તુત ગ્રંથના પ્રકાશનની યોજના હાથ ધરવામાં આવી છે. આ ગ્રંથના સંશોધન અને સંપાદનને લગતું અતિગંભીર કાર્ય પૂજ્યપાદ મહારાજ **શ્રી પુણ્યવિજયજી**ની દેખરેખ અને સાન્નિધ્યથી વયોવૃદ્ધ ચિરદીક્ષિત શાંતમૂર્તિ તપસ્વી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૩. ચૈત્ર પુસ્તક ૪૪ મું.

વિક્રમ સં. ૨૦૦૩. :: ઇ. સ. ૧૯૪૭ એપ્રીલ :: અંક ૯ મો.


## वीर—वन्दन

卐

रचयिता—मुनि पूर्णानन्दविजय ( કુમારશ્રમણ )

स्नात्वा भुक्तिमकृत्वैत्य, जैनागारं च मानसं,
शुद्ध्वा नियम्य वाक्कायं, वन्देऽहं ज्ञातनन्दनम् ॥ १ ॥

अघं हन्तुं यशः प्राप्तुं, मुक्तिं गन्तुञ्च च शोभनां,
वारयितुं भवक्लेशं, वन्देऽहं ज्ञातनन्दनम् ॥ २ ॥

भूतिमिच्छन् स्थितौ तिष्ठन्, कृतिं कुर्वन् च मुक्तिदां,
तुष्टिं पुष्टिं सदा वाञ्छन्, वन्देऽहं ज्ञातनन्दनम् ॥ ३ ॥

भोजने शयने पाने, क्रीडने चलने तथा,
पठने प्राणणे ध्याने, वन्देऽहं ज्ञातनन्दनम् ॥ ४ ॥

कारं कारं मनः शुद्धं, ध्यायं ध्यायं च सन्नयम्,
स्मारं स्मारं भवापत्तिं, वन्देऽहं ज्ञातनन्दनम् ॥ ५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીર પ્રભુની જન્મજયંતિ

રચયિતા–**મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી.**

( રાગ–આવો આવો હે વીર સ્વામી )

આવો આવો સૌ જૈનો ભાવે, વીર જયંતિ કાજ;
**ઉત્તમ** ચૈત્ર સુદિ તેરસ દિન, સાથે સાજન સાજ. આવો૦ ૧
**વીરપ્રભુ** જન્મ્યા મધરાતે, વ્યાપ્યું શાંતિ રાજ;
ધર્મ કર્મને સમજ્યાં સર્વે, પામ્યા મુક્તિ તાજ. આવો૦ ૨
**ત્રિશલા** માતા હરખ્યા હૈયે, સિદ્ધારથ મલકાય;
ક્ષત્રિયકુંડે આનંદ ઓચ્છવ, ભાવેથી ઉજવાય. આવો૦ ૩
ચોસઠ ઇન્દ્રો સ્નાત્ર કરીને, ઊજવે ઉત્સવ સર્વ;
ગણધર મુનિવર ગુણ સૌ ગાતા, વરતે જયજયકાર. આવો૦ ૪
દીક્ષા લઈ જગને ઉદ્ધાર્યું, સહ્યા પરિસહ સર્વ;
કેવળજ્ઞાને પ્રભુ પ્રકાશ્યા, નમતા નર તજી ગર્વ. આવો૦ ૫
સમવસરણમાં દેશના સુણવા, આવ્યા સુર નર પંખી;
**લક્ષ્મીસાગર અજિત** વીરને, ગાયે પૂજે હરખી. આવો૦ ૬

---

# શ્રી મહાવીર જન્મ કલ્યાણક સ્તવન

[ લાખ લાખ દીવડાની આરતિ ઉતારજો–એ રાહ ]

( રાગ–કાફીમિશ્ર, તાલ–હિંચ )

ક્રોડ ક્રોડ વંદનાથી વીરને વધાવજો,
વીર જન્મ સુંદર સોહાય........આજનો છે અવસર આનંદનો. (ટેક)
અંતરંગ ભક્તિની જ્યોતિ જગાવજો,
વીર વીર રંગે રંગાય, ભલા અંગ અંગ રંગે રંગાય;
આજનો છે અવસર આનંદનો. ક્રોડ ક્રોડ૦ (૧)
નાચો નાચો મહાવીર ગુણગાનમાં,
આપો વધામણાં શ્રદ્ધાના તાનમાં;
મુક્તિની સુખડી ચખાય,
જેથી મુક્તિની સુખડી ચખાય,
આજનો છે અવસર આનંદનો. ક્રોડ ક્રોડ૦ (૨)
**નેમિ–લાવણ્ય,–દક્ષ** શીખ માનજો,
ધન્ય ચૈત્ર શુદ તેરસ દિન જો;
અણમોલા લ્હાવા લેવાય,
આજ, કર્મોના મેલો ધોવાય,
આજનો છે અવસર આનંદનો. ક્રોડ ક્રોડ૦ (૩)

**મુનિરાજશ્રી દક્ષવિજયજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમપૂજ્ય શ્રી સિદ્ધસેનદિવાકરજી મહારાજે રચેલા ઉપલબ્ધ કેટલાક ગ્રંથોનો ટૂંક પરિચય

લેખક : **આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિ મહારાજ**

( ગતાંક પૃષ્ઠ ૧૩૨ થી શરૂ )

૪૯ મી ગાથામાં જીવપુદ્ગલના ભેદાભેદ સંબંધનું ફલ-**एगे आया तिविहे जोगे इत्यादि** વાક્યોનું રહસ્ય જણાવી, ૫૦ મી ગાથામાં બાહ્ય-અભ્યંતર વાસ્તવિક ઓળખાણ કરાવી છે. ૫૧-૫૨ મી ગાથામાં સ્યાદ્વાદ શૈલીએ દ્રવ્યાર્થિક દેશનાનું અને પર્યાયાર્થિક દેશનાનું માંહોમાંહે સાપેક્ષપણું સાબિત કરી ૫૩ મી ગાથામાં છેવટે જણાવ્યું કે-દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નય માંહોમાંહે સાપેક્ષ હોવાથી જ્ઞેય વસ્તુને જણાવનાર વિચારના અને વાક્યના જે પ્રકારો થાય છે તે જ જૈન દૃષ્ટિની દેશના કહેવાય; બીજી નહિ. એમ પ્રતિપાદન કરી આ પહેલા કાંડની છેવટે ૫૪ મી ગાથામાં વક્તા કયા અભિપ્રાયથી કેવા પ્રસંગે એક નયાનુસારી દેશના પણ કરે તે વાત સ્પષ્ટ ખુલાસો કરવાપૂર્વક સમજાવી છે. આ રીતે બહુ જ સંક્ષેપમાં પહેલા કાંડની બીના જણાવી.

હવે બીજા કાંડની બીના સંક્ષેપમાં જણાવું છું. આ કાંડની ૪૩ ગાથાઓમાંની પહેલી ગાથામાં દર્શન અને જ્ઞાનનું તાત્ત્વિક સ્વરૂપ અને તે બંનેને દ્વિવિધ નયની દૃષ્ટિએ વિચાર્યા છે. બીજી ગાથામાં દર્શનકાળમાં વિશેષાંશની અને જ્ઞાનકાળમાં સામાન્યાંશની ગૌણતા સ્પષ્ટ રીતે સમજાવી. ત્રીજી ગાથામાં દર્શન અને જ્ઞાનના સમયભેદની મર્યાદા દર્શાવી. ચોથી ગાથામાં ક્રમવાદીની માન્યતા જણાવી. ૫ થી ૮ સુધીની ચાર ગાથામાં સહવાદીપક્ષનો ઉલ્લેખ કરી, નવમી ગાથામાં વિરોધીપક્ષને પ્રશ્ન પૂછી સિદ્ધાંતની સ્થાપના કરી છે. ૧૦ થી ૧૪ સુધીની પાંચ ગાથામાં વિરોધીપક્ષે જણાવેલી બાબતોમાં સિદ્ધાંતીએ દોષો જણાવ્યા છે. પંદરમી ગાથામાં પૂર્વે જણાવેલા દોષોનું સમાધાન ક્રમવાદીપક્ષ કઈ રીતે કરે છે? તેમાં સિદ્ધાંતી શું જવાબ આપે છે? તે બીના જણાવી છે. ૧૬-૧૭ મી ગાથામાં પૂર્વદૃષ્ટાંતનું વિશદીકરણ અને ઉપસંહાર કરી ૧૮-મી ગાથામાં આગમવિરોધનો પરિહાર કર્યો છે. ૧૯-સ્વપક્ષમાં આવતી આશંકાનું સિદ્ધાંતીદ્વારા સમાધાન એટલે ચતુર્થ જ્ઞાનમાં દર્શન નહિ, ને કેવલજ્ઞાનમાં જ્ઞાન,દર્શન બંને હોવાનું કારણ જણાવ્યું છે. ૨૦-મી ગાથામાં કેવલ ઉપયોગ એક છતાં ભિન્ન જણાવવામાં બીજું કારણ જણાવી ૨૧-૨૨ મી ગાથામાં એકદેશી મતની માન્યતા જણાવી છે. ૨૩-૨૪ મી ગાથામાં એકદેશીએ આપેલ દૃષ્ટાંતની વિચારણા કરી ૨૫-મી ગાથામાં સિદ્ધાંતીનો ખુલાસો જણાવ્યો છે. ૨૬-મી ગાથામાં અતિ પ્રસંગનું નિવારણ કર્યું છે એટલે મનઃપર્યવજ્ઞાનમાં દર્શન શબ્દનો અવ્યવહાર થવાનું કારણ વિસ્તારથી સિદ્ધાંતીએ વાદીને સમજાવ્યું છે. ૨૭-મી ગાથામાં પહેલાં કરેલ વ્યવસ્થાનો સ્પષ્ટ ખુલાસો જણાવી ૨૮-મી ગાથામાં જેમ અવધિજ્ઞાનમાં તેમ શ્રુતજ્ઞાનમાં દર્શન શબ્દનો વ્યવહાર કેમ ન થાય? આ પ્રશ્નનો સ્પષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખુલાસો કર્યો છે. ૨૯-મી ગાથામાં અવધિદર્શનની વ્યવસ્થા જણાવી છે. ૩૦-મી ગાથામાં કેવળ ઉપયોગમાં જ્ઞાન, દર્શન શબ્દની ઘટના જણાવી છે. ૩૧-મી ગાથામાં શાસ્ત્રગત વિરોધનો પરિહાર કરી ૩૨-૩૩ મી ગાથામાં શ્રદ્ધા અર્થમાં વપરાતા દર્શન શબ્દનો સ્પષ્ટ અર્થ સમજાવ્યો છે. ૩૪-૩૫-૩૬ મી ગાથામાં સાદિ અપર્યવસિત શબ્દમાં કોઇને થયેલી ભ્રાંતિનો ઉલ્લેખ અને તેનું નિરાકરણ જણાવી ૩૭ થી ૪૨ સુધીની ૬ ગાથામાં જીવ અને કેવલના ભેદની આશંકા અને તેનું દૃષ્ટાંત દઇને નિરાકરણ કર્યું છે. ૪૩-મી ગાથામાં દ્રવ્ય અને પર્યાયની વચ્ચે અભેદ માનવાની પેઠે ભેદ પણ માનવો જોઇએ. એ રીતે બીજા કાંડનો પરિચય ટૂંકામાં જણાવ્યો. ત્રીજા કાંડનો પરિચય ટૂંકામાં આ પ્રમાણે જાણવો.

પહેલી બીજી ગાથામાં દ્રવ્યના સામાન્ય ધર્મનો, અને વિશેષધર્મનો આપેક્ષિક અભેદ સંબંધ જણાવી, ૩-૪-થી ગાથામાં પ્રતીત્ય વચનનું ખરું સ્વરૂપ અને તેને અંગે જરૂરી સૂચના પણ સ્પષ્ટ રીતે જણાવી છે. ૫-૬-ઠ્ઠી ગાથામાં એક પદાર્થમાં અસ્તિપણું, અને નાસ્તિપણું વિરુદ્ધ ધર્મો છતાં કઇ રીતે રહે? આ પ્રશ્નનો સ્પષ્ટ ખુલાસો કરી, ૭-મી ગાથામાં એક જ પુરુષમાં કઇ કઇ અપેક્ષાએ ભેદધર્મ અને અભેદધર્મ ઘટે? આ બીના સ્પષ્ટ સમજાવી દ્રવ્ય અને ગુણનો એકાંત ભેદ માનનાર વાદીની માન્યતા જણાવી. ૯ થી ૧૫-મી ગાથા સુધીમાં તેનું ખંડન કરવાના પ્રસંગે ગુણ અને પર્યાયની અભેદ ચર્ચા કરી છે. ૧૬-થી ૧૮-સુધીની ત્રણ ગાથામાં દ્રવ્ય અને ગુણનો એકાંત અભેદ માનનાર વાદીની માન્યતા વિસ્તારથી જણાવી તે બાબતમાં સિદ્ધાંતીના વિચારો કયા કયા? તે બીના ૧૯-મી ગાથામાં જણાવી છે. ૨૦-મી ગાથામાં સિદ્ધાંતીના વિચારો સાંભળી એકાંત-અભેદની માન્યતાવાળો વાદી સિદ્ધાંતીની આગળ પોતાના વિચારની કઇ રીતે સાબિતી કરે છે તે બીના જણાવી છે. ૨૧-મી ગાથામાં ચાલુ પ્રસંગે સિદ્ધાંતી શું કહે છે, તે વાત જણાવી, ૨૨-મી ગાથામાં એકાંત અભેદવાદીએ કરેલ પ્રશ્નનો સિદ્ધાંતી શો ઉત્તર આપે છે? તે બીના જણાવી છે. ૨૩-૨૪-મી ગાથામાં અમુક ભેદવાદી દ્રવ્યનું અને ગુણનું શું લક્ષણ જણાવે છે? તેના ભેદવાદનું શું રહસ્ય છે? તે બે પ્રશ્નનો સ્પષ્ટ વિચાર જણાવ્યો છે. ૨૫-૨૬ મી ગાથામાં ચાલુ પ્રયોજન જણાવી, ૨૭-૨૮ મી ગાથામાં અનેકાંતદર્શન વ્યાપક છે એમ સાબિત કર્યું છે. ૨૯-૩૦-૩૧-મી ગાથામાં સ્યાદ્વાદશૈલીએ દૃષ્ટાંત સાથે પ્રમેયની બીના જણાવી, ૩૨-૩૩-૩૪-મી ગાથામાં દ્રવ્યમાં રહેલા ઉત્પાદ, વ્યયના ભેદો જણાવી, ૩૫-૩૬-૩૭ ગાથામાં ઉત્પાદવ્યયધ્રૌવ્યના કાળભેદ વગેરેની ચર્ચા વિસ્તારથી જણાવી છે. ૩૮ થી ૪૨-સુધીની પાંચ ગાથાઓમાં વૈશેષિક વગેરે વાદીઓના મતે દ્રવ્યની ઉત્પત્તિને અંગે ચાલુ પ્રક્રિયાની ચર્ચા કરી, ૪૩-૪૪-૪૫ મી ગાથામાં શ્રદ્ધા પ્રધાન આગમનું અને બુદ્ધિપ્રધાન આગમનું અલગઅલગ સ્વરૂપ જણાવી, પ્રસંગે બે ભેદ જણાવતાં આરાધકાદિનું પણ સ્વરૂપ સમજાવ્યું છે. ૪૬ થી ૪૯-મી ગાથા સુધીની ચાર ગાથામાં નયવાદની ચર્ચા કરી, ૫૦-૫૧-૫૨-મી ગાથામાં એકાંતવાદને સ્વીકારતાં ગેરલાભ, અનેકાંતવાદ પ્રમાણે ઘટતું વસ્તુસ્વરૂપ જણાવ્યા છે. ૫૩-મી ગાથામાં શ્વેતાશ્વતર ઉપનિષદ્‌ના પહેલા અધ્યાયમાં જણાવેલા કારણની બાબતમાં પડેલા વિવિધ વાદો મિથ્યા છે, કારણ કે તેમાં એકાંતપણું રહેલું છે. જો અનેકાંતદષ્ટિ તે બધા વાદોમાં ભળે, તો તે સર્વ સાચા કહેવાય. આ બીના જણાવી ૫૪-૫૫-મી ગાથામાં આત્મતત્ત્વમાં રહેલા નાસ્તિત્વ વગેરે છ પક્ષો ખોટા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, અને અસ્તિત્વાદિ છ પક્ષો સાચા છે. આ બીના સ્પષ્ટ અપેક્ષા જણાવવાપૂર્વક સમજાવી, ૫૬-૫૭-૫૮-૫૯-મી ગાથામાં અનેકાંતદષ્ટિ તરફ લક્ષ ન રાખવાથી કયા કયા દોષો આવે છે? આ પ્રશ્નનો વિસ્તારથી ખુલાસો કરી, ૬૦ મી ગાથામાં અનેકાંત શૈલીએ પદાર્થની પ્રરૂપણા કરતાં કઇ કઇ આઠ બાબતો જરૂર લક્ષમાં રાખવી જોઇએ? તે જણાવી, ૬૧-૬૨-મી ગાથામાં એકેક નયની પ્રધાનતાવાળાં સૂત્રો ભણીને સૂત્રધર બનેલા જીવો કેવા કહેવાય? તેઓ અનેકાંતદષ્ટિના વિનાશક છે, એમ જણાવી ૬૩-મી ગાથામાં શાસ્ત્રની પ્રરૂપણા કરનાર ભવ્ય જીવે કેવા પ્રકારની યોગ્યતા મેળવવી જોઇએ? આ પ્રશ્નનો ખુલાસો કર્યો છે. ૬૪-૬૫-મી ગાથામાં સૂત્રનાં જ્ઞાન કરતાં અર્થ જ્ઞાનની વધારે જરૂરિયાત, અને તત્ત્વોના પૂર્ણ નિશ્ચિત જ્ઞાનને નહિ ધારણ કરનારા અકુશલ જીવો શાસ્ત્રની પ્રરૂપણા કરે, તો તે જિનશાસનની વિડંબના કરનારા જાણવા. આ બીના યથાર્થરીતે સમજાવી ૬૬-૬૭ મી ગાથામાં સિદ્ધાંતનો પ્રત્યનીક કોણ? અને કયા જીવો વ્રતાદિનું ફળ યથાર્થ સમજતા નથી? આ બીના સ્પષ્ટ જણાવી ૬૮ મી ગાથામાં કેવા પ્રકારના જ્ઞાન-ક્રિયા જન્માદિના દુઃખોથી જીવને નિર્ભય બનાવે? આ પ્રશ્નનો ખુલાસો કરી, આ ત્રીજા કાંડની છેલ્લી ૬૯ મી ગાથામાં શ્રી જિનવચનને અસાધારણ-સાર્થક ત્રણ વિશેષણો આપીને તેનું યથાર્થ સ્વરૂપ જણાવી ગ્રંથકારે છેવટે ભક્તિ-બહુમાન ધારણ કરી જણાવ્યું કે-પૂજ્ય જિનવચનનું ભદ્ર હો.

આ રીતે પહેલા કાંડમાં નયની અને બીજા કાંડમાં જ્ઞાનની પ્રરૂપણા જણાવી ત્રીજા કાંડમાં જ્ઞેયની વિચારણા કરી છે. ચાલુ પ્રસંગે એ પણ સમજવું જરૂરી છે કે શ્રી દિવાકરજીમહારાજાએ બીજા ગ્રંથો પ્રાયે સંસ્કૃતભાષામાં બનાવ્યા ને આ ગ્રંથ પ્રાકૃતમાં બનાવ્યો, તેનું શું કારણ? વગેરે પ્રશ્નોનો ખુલાસો કરતાં કેટલાએક વિદ્વાનો જણાવે કે-આ સન્મતિ તર્કની રચનાને અંગે દીર્ઘદષ્ટિથી વિચાર કરતાં જણાય છે કે-જૈનદર્શનને માનનારા જીવો પોતાની તર્કશક્તિને ખીલવે, અને સાંખ્યદર્શન વગેરે દર્શનોમાં મનાયલા તત્ત્વો એ ખરી રીતે તત્ત્વસ્વરૂપ નથી, અને જૈનદર્શનમાં માનેલા તત્ત્વો એ જ સત્ય તત્ત્વો છે, આ બે મુદ્દાનો સંપૂર્ણ પ્રચાર કરવા માટે શ્રી દિવાકરજી મહારાજે પ્રસ્તુત (સમ્મતિતર્ક) પ્રકરણની રચના કરી હોય. અહીં પ્રસંગાનુપ્રસંગે તે કાળે હયાતી ધરાવતા અન્ય દર્શનોની પણ તટસ્થ દૃષ્ટિએ દીર્ઘ સમાલોચના કરી સ્યાદ્વાદ શૈલીની આગળ તે સર્વની પરિસ્થિતિ કેવા સ્વરૂપને ધારણ કરે છે? વગેરે બીના માર્મિક શબ્દોમાં જણાવી અનેકાંતદર્શનનો મહિમા વધાર્યો છે. શ્રી જૈનેન્દ્ર શાસનમાં સમ્મતિતર્ક ઉચ્ચ કોટીનો એક અપૂર્વ દાર્શનિક ગ્રંથ અને મહાપ્રભાવક ગ્રંથ ગણાય છે, એમ નિશીથ ભાષ્યની ચૂર્ણિમાં પહેલા ઉદ્દેશામાં તથા પૂજ્યશ્રી હરિભદ્રસૂરિજી ઉપાધ્યાયજી, શ્રી યશોવિજયજી મહારાજ વગેરે મહાપુરુષોએ પણ પંચવસ્તુ-ધર્મપરીક્ષા-દ્રવ્યગુણપર્યાયના રાસ વગેરેમાં જણાવ્યું છે. તે ઉપરાંત પ્રસંગે પ્રસંગે સ્વવિચારોની શ્રોતાના અને પાઠકના હૃદયમાં પરમ ઉપાદેયતા સાબિત કરવા માટે તેમણે સમ્મતિના પાઠો જણાવ્યા છે. તેમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજને તો આ સમ્મતિ ઉપર અપૂર્વ દઢ શ્રદ્ધા હતી. તેમાં પ્રમાણ એ છે કે-પોતાના ગ્રંથોમાં જુદા જુદા પ્રસંગે સમ્મતિની ગાથાઓ સાક્ષિપાઠ તરીકે મૂકીને તેની સાથે તેનું વિવરણ કરી રહસ્ય પણ જણાવેલું છે. આવી ગાથાઓ સાથે વિવરણ ભેગું કરીએ તો ખુશીથી સમ્મતિવિવરણ તૈયાર થઇ શકે એમ સંભવે છે. પૂજ્ય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી દિવાકરજી મહારાજાએ અહીં નયવાદનું અલગ અલગ સુંદર રહસ્ય સમજાવતાં, પોતાના સમયમાં વિદ્યમાન અન્ય સમર્થ દર્શનોને અનેકાંતવાદરૂપ સાંકળની કડીઓ જેવા જુદા જુદા નયોમાં યોગ્ય રીતે ગોઠવી દીધા છે. અને તે રીતે તે તે વાદીઓની આગળ સુદૃઢ યુક્તિઓ જણાવવાપૂર્વક અનેક દર્શનનું માહાત્મ્ય જણાવ્યું છે. અન્ય દર્શનકારોનું વચન, એકતરફી અને અધૂરું છે, એ સાબિત કરીને નયવાદનું તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં કેવું સ્થાન છે? એ પણ શ્રી દિવાકરજી મહારાજે અહીં સમજાવ્યું છે. તથા અનેકાંતવાદનો ઉપહાસ કરનારા બીજા દાર્શનિકોને અનેકાંતદર્શનનું યથાર્થ સ્વરૂપ સમજાવવા વિસ્તારથી વિવેચન કર્યું છે. આ સમ્મતિસૂત્રની તર્કપદ્ધતિ જોતાં નિશ્ચયથી જરૂર કહી શકાય કે-શ્રી દિવાકરજી વૈશેષિકાદિ દર્શનનાં તત્ત્વોનું ઊંડું રહસ્ય જરૂર જાણતા હતા. તેમજ તે તે વૈશેષિક સૂત્રાદિમાં ભાષાનો તેમજ ગદ્યપદ્યનો તફાવત છતાં તાર્કિક વિચારોની સરખામણી જરૂર પ્રતીત થાય છે. ઇશ્વરકૃષ્ણે બનાવેલી કારિકાઓમાં અને સમ્મતિમાં છંદની સરખામણી જણાય છે, તેમજ પોતપોતાના વિષયને તર્કપદ્ધતિએ ગોઠવવાની શૈલી ઘણેખરે અંશે સરખી જણાય છે. બૌદ્ધાચાર્ય નાગાર્જુનની મધ્યમકારિકા અને વિજ્ઞાનવાદી વસુબંધુની વિંશિકા તથા ત્રિંશિકા સાથે શ્રી દિવાકરજીની કૃતિઓ સરખાવતાં જરૂર જણાય છે કે-એ આચાર્યોના ગ્રંથો ઉપર એક બીજાના ગ્રંથની અસર થઇ હોય. આગમગ્રંથોમાં જણાવ્યું છે કે—સર્વજ્ઞને કેવળજ્ઞાનનો ઉપયોગ અને કેવળદર્શનનો ઉપયોગ, એ બંને એકસાથે એકસમયે હોતાં નથી એટલે કેવળીને પહેલે સમયે કેવળજ્ઞાનોપયોગ, અને બીજે સમયે કેવળદર્શનોપયોગ હોય. આ રીતે એકેક સમયના આંતરે જ્ઞાનોપયોગ ને દર્શનોપયોગ પલ્ટાય, પણ એક સમયે બે ઉપયોગ એક સાથે ન હોય; કારણ કે શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યકમાં ફરમાવ્યું છે—"**सव्वस्सवि केवलिणो वि हु जुगवं दो नत्थि उवओगा**" ઇત્યાદિ શ્રી દિવાકરજી મહારાજ આ ક્રમિક ઉપયોગવાદનું વિવિધ તર્કોથી અને યુક્તિઓથી કઇ કઈ પદ્ધતિએ ખંડન કરી સ્વવિચારની સિદ્ધિ કરે છે? તે વસ્તુ અહીં વિસ્તારથી સમજાવી સ્પષ્ટ જણાવે છે કે, કેવળજ્ઞાની ભગવંતોને બંને ઉપયોગ એક સમયે માનવા વ્યાજબી છે. આ વિચારનું પણ ખંડન શ્રી જિનભદ્રગણિ વગેરે કઇ રીતે કરે છે? તે પણ સવિસ્તર બીના અહીં જણાવી છે. જેવી રીતે શ્રી હરિભદ્રસૂરિ મહારાજાદિ શ્વેતાંબર સૂરિવરોએ પોતાના ગ્રંથોમાં શ્રી દિવાકરજીના ગ્રંથોના સાક્ષિપાઠો આપીને દિવાકરજી પ્રત્યે અને તેમના ગ્રંથો પ્રત્યે બહુમાનગર્ભિત ભક્તિભાવ વ્યક્ત કર્યો છે, તેવી રીતે દિગંબર મતાનુયાયી ગ્રંથકારોએ પણ દિવાકરજી તથા તેમના ગ્રંથો પ્રત્યે ભક્તિભાવ દર્શાવ્યો છે. આ બાબતમાં પ્રમાણ એ છે કે-હરિવંશપુરાણના બનાવનાર જિનસેનસૂરિએ, તત્ત્વાર્થ રાજવાર્તિકી ટીકાકાર અકલંકદેવે, સિદ્ધિવિનિશ્ચયના ટીકાકાર અનંતવીર્યે, ભગવતીઆરાધના બનાવનાર શિવકોટીએ, પાર્શ્વનાથચરિત્ર બનાવનાર વાદિરાજે તથા લક્ષ્મીભદ્ર વગેરે દિગંબર વિદ્વાનોએ પોતપોતાના ગ્રંથોમાં પ્રસંગે પ્રસંગે શ્રી દિવાકરજીનું નામ અને સમ્મતિના પાઠો સાક્ષિરૂપે જણાવ્યા છે. શ્રી દિવાકરજી મહારાજા, સંસ્કૃત પદ્યાત્મક અપૂર્વ ગ્રંથોના બનાવનારા પંડિતોમાં પ્રથમ અગ્રેસર મનાય છે. તેમણે આ સમ્મતિતર્કપ્રકરણના અંતે જણાવ્યું છે કે—"**तम्हा अहिगयसुत्तेणं अत्थसंपायणम्मि जइअव्वं**" **तस्मात् अधिगतसूत्रेणार्थसंपादने यतितव्यं** એટલે સૂત્રજ્ઞાનને મેળવનારા ભવ્યજીવોએ અર્થને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણવા પ્રયત્ન કરવો જોઇએ. આ સૂચના કરવાનો મુખ્ય મુદ્દો એ છે કે—અર્થપરિજ્ઞાન વ્યાકરણાદિ સાધનોથી થઇ શકે છે. તેવી સાધનસામગ્રી સ્વકાળમાં સંસ્કૃત ભાષાની વધારે હોવાથી દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા વગેરે ગ્રંથો સંસ્કૃત ભાષામાં બનાવ્યા ખરા, પણ જૈનશ્રમણ સંઘમાં પ્રાકૃતભાષાનો વધારે પ્રચાર હોવાથી આ સમ્મતિ પ્રકરણ પ્રાકૃતભાષામાં બનાવ્યું હોય, એમ સંભવે છે. આ ગ્રંથની સમ્મતિતર્ક અને સમ્મતિપ્રકરણ વગેરે નામથી વધારે પ્રસિદ્ધિ છે; કારણ કે શ્વેતાંબર દિગંબર સંપ્રદાયના ઘણા ગ્રંથોમાં એ બે નામનો ઉપયોગ જણાય છે. કેટલાએક વિદ્વાનો ધનંજયનામમાલામાં જણાવેલા પ્રભુશ્રી મહાવીરના 'સન્મતિ' નામ ઉપરથી અનુમાન કરે છે કે આ ગ્રંથનું સન્મતિ તર્ક, અથવા સન્મતિ પ્રકરણ હોય તેમજ દક્ષિણ હિંદુસ્તાનમાં રચાએલા પ્રાકૃત જૈનગ્રંથોમાં જેવું तकार આદિને સ્થાને दकार આદિ પરિવર્તન જણાય છે, તેવું અહીં નથી; માટે સંભવ છે કે આ ગ્રંથની રચના ઉત્તર કે પશ્ચિમ હિંદુસ્તાનમાં થઇ હોય. શ્રી દિવાકરજીમહારાજે પ્રાકૃત રચનાને અંગે છંદની પસંદગી કરતાં અહીં આર્યાછંદ સ્વીકારવાનું ખરૂં કારણ પ્રાકૃતના અનુભવથી જણાય છે કે અલ્પ શબ્દોમાં સ્પષ્ટ વિવક્ષિતભાવ–જેટલે અંશે આર્યાછંદમાં જણાવી શકાય, તેટલે અંશે તે ભાવ બીજા છંદોમાં જણાવી શકાતો નથી. આ જ મુદ્દાને લક્ષમાં રાખીને શ્રી હરિભદ્રસૂરિમહારાજાદિ મહાપુરુષોથી લઇને ઠેઠ અઢારમી સદીમાં થયેલા ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી વગેરે મહાપુરુષોએ પણ આર્યા છંદમાં પંચવસ્તુ, પંચાશકાદિ, તથા ગુરૂતત્ત્વવિનિશ્ચયાદિ ગ્રંથો બનાવ્યા છે. મોટી ટીકામાં મંગલાચરણ પ્રયોજનાદિને જણાવનારા પદ્યો અને પ્રશસ્તિના શ્લોકો સિવાયનો ઘણો ભાગ ગદ્યમય છે. વચમાં અવતરણરૂપે બીજા શ્લોકો આવે છે. ટીકાની શૈલી ન્યાયકુમુદચંદ્રોદયાદિના જેવી અર્થપ્રસાદાદિપૂર્ણ છે. ગ્રંથનું પ્રમાણ મધ્યમ છે. પ્રસ્તુત પ્રકરણની કુલ ૧૬૬ ગાથાઓ છતાં મૂળની લખેલી પ્રતમાં જણાવેલી એક ગાથા પ્રક્ષિપ્ત ગણતાં ૧૬૭ ગાથાઓ થાય છે. તે ગાથા આ પ્રમાણે જાણવી.

॥ आर्यावृत्तम् ॥

**जेण विणा लोगस्सवि,**
**ववहारो सव्वहा न निव्वडइ ॥**
**तस्स भुवणिक्कगुरुणो,**
**नमो अणेगंतवायस्स ॥१॥**

**અર્થ**—જેના વિના લોકોનો વ્યવહાર પણ સર્વથા સિદ્ધ થઇ શકતો નથી, તે ત્રણ ભુવનના જીવોના અદ્વિતીય ગુરુ–પૂજ્ય અનેકાંતવાદને નમસ્કાર થાઓ. આ સમ્મતિ પ્રકરણના ત્રણ કાંડમાંના પહેલો કાંડ તેમાં જણાવેલી બીના પ્રમાણે નયકાંડ કહેવાય, બીજો કાંડ જ્ઞાનકાંડ અથવા ઉપયોગકાંડ કહેવાય અને ત્રીજો કાંડ જ્ઞેયકાંડ કહેવાય.

મૂળ અને ટીકામાં અનેકાંતવાદ અને તેની સાથે સંબંધ ધરાવતા બીજા પણ અનેક વિષયોની ચર્ચા વિસ્તારથી કરી છે. આ રીતે ટૂંકમાં સમ્મતિસૂત્રનો પરિચય જણાવ્યો. આ સંબંધી વિશેષ બીના સમ્મતિની પ્રસ્તાવનામાંથી જાણવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'વિચારશ્રેણી'

લેખક—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

૧ પ્રામાણિકતા માનવીની સાચી સંપત્તિ છે માટે બધું ય જતું કરીને પ્રામાણિકતા જાળવી રાખવી જોઇયે.

૨ દુઃખ સહન કરી લેવું; પણ ક્ષુદ્ર સ્વાર્થ માટે કોઇને પણ દગો દેવો નહિં.

૩ સ્વાધીન બન્યા સિવાય સુખ શાંતિ મળી શકતા નથી.

૪ જરૂરિયાતો ઓછી કર્યા સિવાય સ્વાધીન બની શકાય નહિં.

૫ જીવાય તેટલું જીવો; પણ સાચું જીવો અને મોતનો ભય રાખશો નહિં.

૬ જે મોતથી ઘણા જ બ્હીએ છે તેમને આત્માના અમરપણાની દૃઢ શ્રદ્ધા હોતી નથી.

૭ ખાઇને જીવાય છે તે વાત સાચી છે, તોયે ખાવામાં ફેર નથી પણ જીવવામાં છે. સજ્જન ખાઇને જીવે છે.

૮ સાચું બોલતાં શીખ્યા હોય તે જ ભણેલા કહેવાય છે; બાકી તો બધાય અભણ છે.

૯ દયાનો ઉપાસક પ્રભુને બહુ જ ગમે છે, માટે જ તે પ્રભુની સઘળી સંપત્તિનો હકદાર છે.

૧૦ માનવ જીવનની મહત્તા તથા ઉપયોગિતા સાચી રીતે ઓળખનારથી કલેશ, કંગાળિયત તથા આપત્તિવિપત્તિ દૂર રહે છે અને તે જ સાચી સુખ-સંપત્તિને મેળવી શકે છે.

૧૧ જે પોતાને ઓળખે છે તે પ્રભુને ઓળખે છે અને જે પ્રભુને ઓળખે છે તે પોતાને ઓળખે છે. આને જ સાચી ઓળખાણ કહેવામાં આવે છે. બાકી બધીય ઓળખાણ જૂઠી છે.

૧૨ પ્રભુને તથા પોતાને ઓળખનાર જ જગતને ઓળખી શકે છે. તે સિવાય તો જગત સાચી રીતે ઓળખી શકાતું નથી, છતાં જે ઓળખવાનો દાવો કરે છે તે એક પ્રકારની ભ્રમણા જ છે.

૧૩ મોજશોખમાં સુખ ઘણું જ વપરાય છે, માટે મોજશોખ છોડી દઇને સુખને સાચવીને વાપરવાથી જીવનમાં દુઃખ વાપરવાનો સમય આવતો નથી.

૧૪ ભોગવતાં આવડે તો બધાયની પાસે સુખ તથા આનંદ છે, છતાં વિવેકશૂન્ય આવડત વગરના માનવી દુઃખ તથા દિલગીરી ભોગવી રહ્યા છે.

૧૫ બીજાને દુઃખ, કલેશ, ત્રાસ તથા ભય ઉત્પન્ન કરનારી પ્રકૃતિને પોષીને માનવી માને કે હું જીવું છું તો તે ભ્રમણા જ છે.

૧૬ ધનના મોહમાં પેટ પૂરતું ધાન પણ ન ખાઇને સંગ્રહ કરનાર છતે પૈસે કંગાળ છે.

૧૭ મોતને ન ઓળખતા હો તો ઊંઘથી અનુમાન કરી લેજો.

૧૮ ઊંઘી ઊઠયા પછી પ્રભુને સંભારી તેમનો પાડ માનજો. કારણ તમે નવી દુનિયા નિહાળવાથી બચી ગયા છો અને માનવ જીવનનો પલટો થયો નથી.

૧૯ ઓછાવત્તા પ્રમાણમાં પ્રાણ બધાયને હોય છે; પણ જ્ઞાન તો વિરલાને જ હોય છે.

૨૦ કુદરત તમને માનવ જીવનમાંથી ધક્કા મારી બહાર કાઢી મૂકે તે પહેલાં તમારા જીવન તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનની સાચી વ્યવસ્થા કરી લેજો; નહિં તો દેહ છોડયા પછી ધન તથા જીવનમાંથી તમારું કાંઇ-પણ નથી.

૨૧ જીવવામાં ઉપયોગી વસ્તુઓ તમારી પાસે વધી ગઇ હોય તો તેને સંઘરી ન રાખતાં વસ્તુ વગરના જીવવાની જરૂરતવાળાને આપજો, પણ બીજાની જરૂરતને સાચી રીતે ઓળખી લેજો.

૨૨ સ્તુતિ સાંભળીને નમ્રતા બતાવવી તે એક પ્રકારનો ગર્વ છે; પરંતુ નિંદા સાંભળીને નમ્રતા બતાવવી તે જ સાચી નમ્રતા છે અને તે નિરભિમાન-તાનું ચિહ્ન છે.

૨૩ ગુણુ વગરની પ્રશંસાના ગ્રાહક બનાવટી પ્રશંસા ખરીદીને ઠગાય છે.

૨૪ જેના પ્રતિ તિરસ્કાર હોય તેના મોઢેથી પોતાની પ્રશંસા સાંભળી તેના ગુણ ગાવા હલકા માણસની પંક્તિમાં ભળવા લાયક છે; કારણ કે હૃદયમાં તિરસ્કાર અને મોઢેથી ગુણ ગાવા તે દંભ કહેવાય છે.

૨૫ હૃદયમાં અને વાણીમાં ભેદ રાખીને બીજાની સાથે વર્તવું તે વિશ્વાસઘાત કહેવાય છે.

૨૬ દંભ વગર વિશ્વાસઘાત થઇ શકતો નથી, અને અસત્ય બોલ્યા સિવાય દંભ થઇ શકે નહિં માટે જ જૂઠું બોલનાર દંભી હોવાથી વિશ્વાસઘાતી છે.

૨૭ ઉત્તમ વાણી, વિચાર અને વર્તન સિવાય જીવન ઉત્તમ બની શકતું જ નથી.

૨૮ અધમ માનવીઓના આનંદની ખાતર પોતાનું જીવન અધમ બનાવનાર પોતાની જાતનો શત્રુ છે માટે જ તેનું જીવન કોઇના પણ હિતના માટે ઉપયોગી બની શકતું નથી.

૨૯ કેવળ પોતાની ક્ષુદ્ર વાસનાઓ પોષવાની ખાતર જ મળેલી વિદ્યા આદિ કુદરતી બક્ષીસોનો ઉપયોગ કરનાર પામર પ્રાણી છે, માટે તે જગતનું ભલું કરી શકતો નથી.

૩૦ જીવવાને પણ ઉપયોગી કોઇ પણ પ્રકારનો લાભ ન મળતો હોય તોયે માનની ભૂખવાળો ઇચ્છા પ્રમાણે માન મેળવતો સાધનના અભાવે દુઃખે જીવવા છતાં પણ પોતાને પરમ સુખી માને છે એ જ તેની મૂર્ખતા છે.

૩૧ ખાધા વગર જીવી શકાતું હોય તો ખોટી પ્રશંસાથી ગુણી બની શકાય છે.

૩૨ ગુણ વગરની પ્રશંસાથી ફૂલી જઇ ગર્વિષ્ઠ બનનારમાં બુદ્ધિમત્તા હોતી નથી.

૩૩ મિથ્યાભિમાનીની મનોદશા અત્યંત કંગાળ હોય છે, કારણ કે તેને પ્રશંસા મેળવી મિથ્યાભિમાન પોષવા હલકામાં હલકા માણસની પણ ખુશામત કરવી પડે છે.

૩૪ પ્રભાવશાળી બનવા કેટલાક જાડી બુદ્ધિના વિષયાસક્ત–પામર ધનવાનોની આજ્ઞાને તાબે રહેનાર બુદ્ધિ વગરના અજ્ઞાનીયોની પાસેથી જ પ્રશંસા મેળવી શકે છે.

૩૫ પ્રભુના વચનો ઉપર પૂર્ણ વિશ્વાસ રાખીને સમગ્ર જીવન પ્રભુચરણમાં અર્પણ કરનાર જ પ્રભાવશાળી બનવાનો સંપૂર્ણ અધિકારી છે, અને તે જ પોતાના પ્રભાવથી જગતને દુઃખમાંથી છોડા-વીને પરમ કલ્યાણ કરી શકે છે.

૩૬ જીવનદોરી નોકર ચાકરોના હાથમાં મૂકી દેવી તે મૂર્ખાઇ છે, પણ શ્રીમંતાઇ નથી.

૩૭ સંસારમાં દરેક પ્રકારની અનુકૂળતા સિવાય સુખ જેવી કોઈ વસ્તુ જ નથી.

૩૮ સ્વ–પરના હિતાહિતનો વિચાર કર્યા સિવાય કોઇને પણ પોતાની ઇચ્છાનુસાર વર્તાવવા કદાગ્રહ કરવો નહિં.

૩૯ તુચ્છ સ્વાર્થ ખાતર બીજાની સેવા કરવી તે ગુલામી છે, પણ સેવા નથી.

૪૦ માન મેળવવા બીજાને ઘેર જવા કરતાં ઘેર બેઠાં માન મેળવવું તે શ્રેષ્ઠતર છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૧ તમને જીવનમાં વાપરવા સંસારમાંથી ઘણીયે વસ્તુઓ મળી હોય તો પણ તમે નિરુપયોગી વસ્તુઓનો સંગ્રહ કરશો નહિં. તે વસ્તુઓના ઉપયોગવાળા માટે તેનો ત્યાગ કરજો.

૪૨ સુખને ઓળખી તેની કદર તો સંતપુરુષો જ કરી શકે છે, બાકી જડાસક્ત જગત તો દુઃખની ઉપાસનામાં લીન બનીને સુખનો અનાદર કરી રહ્યું છે.

૪૩ વિલાસી વસ્તુઓ માટે ગમે તેટલાં વલખાં મારો પણ પુન્યના ખપાવ્યા સિવાય મળવાની નથી.

૪૪ માનવીને મનગમતા સંયોગ જોઇયે છે, પછી તે સારા હોય કે નરસા હોય તેની કાંઇ તેને પરવા નથી.

૪૫ તુચ્છ સ્વાર્થના ખાતર માનવી અણગમતું પણ બીજાનું સાંભળવાને ઉત્સુક રહે છે, પરંતુ પરમાર્થના માટે ગમતું પણ બીજાનું સાંભળવામાં માનહાનિ સમજે છે એ જ તેની મોટી ભૂલ છે.

૪૬ જીવવાની ઇચ્છા હોય તો જીવો પણ નિષ્કારણ બીજાના શત્રુ તો બનશો જ નહિં.

૪૭ પોતાના માનેલા મોટા આગળ પોતાની મોટાઇ કરવી તે તેમનું અપમાન કરવા બરોબર છે.

૪૮ કોઇનું પણ કથન સાંભળતી વખતે કહેનારની બુદ્ધિથી સમજવા પ્રયાસ કરવો, પણ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવો નહિ, કારણ કે તેમ કરવાથી સાચું સમજાશે અને કલેશ નહિં થાય.

૪૯ પોતાની નિર્બળ બુદ્ધિથી વસ્તુને વિપરીતપણે વર્ણન કરી આગ્રહ કરવાથી તે વસ્તુ બદલાતી નથી, પણ છેવટે કહેનાર ખોટો ઠરવાથી બદલાય છે.

૫૦ બીજાનું માન જાળવવું પણ અભિમાન જાળવવાની જરૂરત નથી.

૫૧ આવતાને આવકાર અને જતાને નમસ્કાર આપવો તે માણસાઇનું ચિહ્ન છે.

૫૨ હૃદયમાં ઉભરાતો આનંદ અથવા તો આઘાત બીજાની પાસે ઠલવાય નહિં ત્યાં સુધી માણસને શાંતિ મળી શકતી નથી.

૫૩ શરીરની સુંદરતા કરતાં હૃદયની સુંદરતા ક્રોડગણી ચઢિયાતી છે,

૫૪ નિખાલસ અને પવિત્ર હૃદય આગળ રૂપાળું શરીર કોડીની કિંમતનું છે.

૫૫ માનવીને હલકા બનવું પસંદ નથી, છતાં બીજાની હલકાઇ સાંભળીને ગર્વથી ફૂલાવું તે જ હલકાઇ છે.

૫૬ હલકાઇના વિચારોથી પોતે હલકા બન્યા સિવાય બીજાને હલકા બનાવી શકાય નહિં.

૫૭ શુદ્ધ હૃદયવાળાની સરળતાનો દુરુપયોગ કરનાર દુર્જન કહેવાય છે.

૫૮ જે માણસની પ્રકૃતિ અને પ્રવૃત્તિ તમને અણગમતી હોય તેની ઉપેક્ષા કરી દૂર રહેવું, પણ બીજાની આગળ તેને વખોડી વગોવવું નહીં તે જ સજ્જનતા છે.

૫૯ દુર્ગુણી તમારી ખોટી પ્રશંસા કરી નમીને ચાલે તેના અછતા ગુણો ગાવા અને નિઃસ્પૃહી સદ્‌ગુણી પુરુષ પ્રસંગ સિવાય તમારી પરવા ન રાખે તેના અછતા અવગુણો ગાવા તે તમારી દુર્જનતા સૂચવે છે.

૬૦ જેને દુર્ગુણીના દુર્ગુણો દુર્જન બનાવી શકતા નથી તે જ સંસારમાં સાચો સજ્જન અથવા તો સંત કહેવાય છે.

૬૧ જેમ બીજાની કુટેવો આપણને ગમતી નથી તેમ આપણી પણ કુટેવો બીજાને ગમતી નથી, માટે કોઇની પણ કુટેવોની બીજા આગળ ટીકા કરવી નહિ.

૬૨. માયા કરવી નહિં, પણ માયાવીની જાળને તો સારી રીતે સમજી લેવી જોઇયે.

૬૩ સરળ બનો, પણ તેવા સરળ ન બનશો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે અધમ માણસોના પ્રપંચમાં ફસાઈ જઈને અધમ માર્ગમાં દોરવાઈ જવાય, કારણ કે તે સરળતા નથી પણ મૂર્ખતા છે.

૬૪ મૂર્ખાઓને ઠગી મોજ માણવામાં જ માનવ જીવનની સફળતા માનનાર પ્રભુના સિદ્ધાંતનો વિરોધી છે.

૬૫ ક્ષુદ્ર સ્વાર્થીઓના જીવનમાં સત્યનો ઉપયોગ ભાગ્યેજ હોય છે.

૬૬ જેનાથી અવગુણની પ્રાપ્તિ થાય તે ગુણાનુરાગ કહેવાય જ નહિં.

૬૭ વિષયાસક્ત એવા સંગીત, સાહિત્ય, વિદ્વત્તા, વક્તૃતા આદિ કળાવાનનો રાગ તે વિષયાનુરાગ છે, પણ ગુણાનુરાગ નથી. આવાઓના અનુરાગથી જીવન અધમ બને છે અને આત્માનો અધઃપાત થાય છે.

૬૮ વિકારના વિનાશ સિવાય પવિત્ર હૃદય બની શકતું નથી અને તે સિવાય તો ગુણો પણ વાસ કરી શકતા નથી.

૬૯ કામ તથા કષાય બંને નષ્ટ થવાથી હૃદય અને આત્મા બંને પવિત્ર બની શકે છે.

૭૦ માયાવીઓના ખોટા આડંબરથી દુનિયા અંજાઈ જઈને ધન તથા જીવન બંને વેડફી રહી છે.

૭૧ સત્ય તથા સંયમના સેવકને જ સ્વર્ગ તથા અપવર્ગનાં નિમંત્રણ હોઇ શકે છે.

૭૨ આવડત તથા બુદ્ધિ વગરના માણસોને જ દંભી માણસો છેતરીને પોતાની ક્ષુદ્ર વાસના પોષે છે.

૭૩ સદાચારી અને સત્ય પ્રિય બુદ્ધિશાળી જગત વિષયાસક્તની દાંભિક વૃત્તિથી છેતરાતું નથી.

૭૪ કેવળ વાણી માત્રથી માનવીના ચારિત્રનો નિર્ણય થઇ શકતો નથી.

૭૫ જે પોતાના અધિકારથી ભ્રષ્ટ છે તેમાં આચારભ્રષ્ટતાનો સંભવ છે.

૭૬ છે કોઇ સંસારમાં એવો સાચો સંત કે પોતાની સ્તુતિ-નિંદા સાંભળવા છતાં જેના હૃદય પર હર્ષ-શોકનો પડછાયો સરખોયે ન પડે ?

૭૭ ધન-સંપત્તિવાળાની વિચારશક્તિનો વિકાસ થાય તો જ દંભી માણસો ફાવી શકે નહિં.

૭૮ ક્ષુદ્ર વાસનાની તૃપ્તિ માટે જ આડંબર કરવામાં આવે છે અને તે ધન-સંપત્તિવાળા પાસેથી પોષી શકાય છે માટે જ.

૭૯ દંભી માણસો ગરીબોને તુચ્છ સમજી તેમનો અનાદર કરે છે.

૮૦ વિષયોમાં સુંદરતા નિહાળનાર જડબુદ્ધિ છે.

૮૧ આત્મહિત ધ્યાનમાં રાખ્યા સિવાય પરહિત કે પરોપકાર થઇ શકતો નથી.

૮૨ સત્યનો ઉપાસક નિરભિમાની માયાવીઓની જાળમાં ફસાતો નથી.

૮૩ સત્યને સાથે રાખ્યા સિવાય સંયમી બની શકાય નહીં.

૮૪ કાવાદાવા કરવામાં કુશળ કહેવાતા વિદ્વાન ઓછી બુદ્ધિવાળી જનતાને છેતરીને પોતાની ક્ષુદ્ર વાસના પોષે છે.

૮૫ અસંયમીનું જીવન પરાશ્રયી હોય છે; સંયમીનું જીવન સ્વાશ્રયી હોય છે.

૮૬ દુનિયાના આવકારની ઇચ્છાથી ધનવાનને જ ડાહ્યા માનીને તેમનો સહકાર મેળવવા કહેવાતા વિદ્વાન પણ તેમની પ્રશંસા અને ખુશામતને પ્રધાનતા આપીને સત્ય તથા સંયમની અવગણના કરે છે.

૮૭ ત્યાગી હોય કે ભોગી હોય, પણ જેને શાંતિ તથા આનંદ માટે વૈષયિક વસ્તુઓ વાપરવાની જરૂરત રહેતી હોય તેની મનોદશા અસંત કંગાળ હોય છે.

૮૮ કોઇની પણ ક્ષુદ્ર વાસના પોષવી તે અધર્મ તથા અનીતિને ઉત્તેજન આપવા જેવું છે.

૮૯ ખોટી પ્રશંસાથી ફૂલાશો તો ધૂતારા ઠગી જશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯૦ તમારી પાસે ધન સંપત્તિ હોય તો જીવન-નિર્વાહમાં જરૂરિયાતવાળાને આપશો, પણ દંભીયોની વાસના પોષવામાં દુરુપયોગ કરશો નહિં.

૯૧ માયાવિયોના મિથ્યાડંબરથી મુંઝાઇને કીર્તિની લાલચથી ધનવ્યય કરવાની ઇચ્છા થાય તો પ્રથમ સદ્બુદ્ધિનો સારી રીતે ઉપયોગ કરી લેજો.

૯૨ કોઇ તમારા જીવન તથા ધનથી પોતાની વિષયાસક્તિ પોષવાના ઇરાદાથી તમને મનગમતી વાતો કરે તો તેનાથી સાવધ રહેશો.

૯૩ પોતાના વાણી, વિચાર અને વર્તનથી તમારા જીવનને પવિત્ર બનાવનારના ચરણે તમારું સર્વસ્વ અર્પણ કરશો.

૯૪ કોઇ દંભી સન્માર્ગનું વર્ણન કરીને તમને પોતાની દિશામાં દોરી જતો હોય અને તમને માર્ગ બદલાતો જણાય તો આગળ એક પગલું પણ ન ભરતાં ત્યાંથી જ પાછા ફરશો.

૯૫ જીવતાં આવડતું હોય તો જીવો, પણ 'જીવતા પણ મરેલા જ છે' એમ કહેવડાવવાને જીવતા હો તો જીવન વ્યર્થ છે.

૯૬ નિખાલસ અને પવિત્ર હૃદયવાળાની સાથે પાપબુદ્ધિથી વર્તવું તે અધમતાનું ચિહ્ન છે.

૯૭ વિષયાસક્તિથી વિરામ પામેલા પવિત્ર પુરુષોના જીવન પ્રાણિયોના ત્રિવિધ તાપને શાંત કરે છે.

૯૮ માનવ જીવનમાં જીવનારના હાથમાં જીવન-દોરી મૂકનારને કોઇપણ પ્રકારનો ભય હોતો નથી.

૯૯ પવિત્ર અને ઉત્તમ જીવનવાળા મહા-પુરુષોના જીવનમાં જીવનાર જ માનવજીવન જીવે છે, બાકી તો બધાય પાશવી જીવન જીવી રહ્યા છે.

# માનવભૂમિનાં પાંચ કલ્પવૃક્ષો.

**ज्ञानी विनीतः सुभगः सुशीलः प्रभुत्ववान् न्यायपथप्रवृत्तः त्यागी धनाढ्यः प्रशमी समर्थ पंचाप्यमी भूमिषु कल्पवृक्षाः ॥**

**અર્થ**—( જેમ સ્વર્ગમાં કલ્પવૃક્ષો છે-અર્થાત્ માગ્યા પ્રમાણે ફલ પ્રદાન કરે છે તેમ ) આ ભૂમિ ઉપર પણ પાંચ માનવ રત્નો કલ્પવૃક્ષ જેવા ગણાય છે. એટલે કે જ્ઞાનવાન હોવા છતાં વિનયવાન હોય છે, ભાગ્યવાન હોવા છતાં ( અથવા સૌંદર્યવાન હોવા છતાં ) સુશીલ હોય છે ( અર્થાત્ સારામાં સારા આચારવાન હોય છે. ) અધિકારી હોવા છતાં ન્યાય માર્ગે ચાલનાર ત્યાગી અર્થાત્ દાનેશ્વરી ) હોય છે. અને સામર્થ્યવાન હોવા છતાં પ્રશમી એટલે પરમ શાન્ત હોય છે.

**નોંધ**—જે પુણ્યવાન ઉપર લખેલા પાંચ ગુણોને આ ભૂમિ ઉપર પ્રવર્તી રહે છે તે અવશ્ય સ્વર્ગમાં કલ્પવૃક્ષો પામ્યા પૂર્વે અહીં પણ માનવ જનતા તેને પીછાની લે છે કે આ અને એ પુરુષો કલ્પવૃક્ષ છે. માનવ જનતાના આ પાંચે પ્રકારના પુરુષો કલ્પવૃક્ષ ન હોય તો બીજાં શાં કલ્પવૃક્ષો હોઇ શકે ?

" અધિકારી હોવા છતાં ન્યાયમાર્ગે પ્રવર્તનાર હોય છે. ધનાઢ્ય હોવા છતાં ત્યાગી હોય છે. "

—પંડિત લાલન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ....કૌશલ્ય

## ( ૨૧ )

### મનુષ્યજન્મ મહત્તા-Value of life—

**મહામુશ્કેલીએ મળી શકે એવો મનખા જનમ જે પ્રાણી આળસ પ્રમાદમાં પડી નકામો ગુમાવી દે છે તે પ્રાણી કાગડાને ઉડાડવા માટે પોતાના સગા હાથથી મહામૂલું ચિંતામણિ રત્ન ફેંકી દે છે.**

**મહામુશ્કેલીએ** આ મનુષ્યજન્મ પ્રાણીને મળે છે. અંતઃકરણથી પરમાત્માની સેવા કરી હોય ત્યારે આવાં ધર્મક્ષેત્ર ભારતભૂમિમાં **અવતાર** થાય છે, ખૂબ પરિસેવના કરી હોય ત્યારે ધર્મ સમજવાની **ગ્રહણશક્તિ**-મગજશક્તિ પ્રાપ્ત થાય છે, ખૂબ એકાગ્રતા કરી હોય તો વિશુદ્ધ દેવગુરુનો **યોગ** મળી આવે છે. સારી રીતે જીવદયા પાળી હોય તો શારીરિક અને માનસિક તંદુરસ્તી સાંપડે છે. આવી રીતે ઉત્તમ કુળ, અનુકૂળ સ્વજન, સારું ક્ષેત્ર, પુસ્તકાદિ જ્ઞાનનાં સાધન વગેરે પ્રત્યેક ચીજ મળવી મુશ્કેલ છે, અતિ મુશ્કેલ છે, અનેક રખડપટ્ટી પછી કોઇ વાર આવો સાધનસંપન્ન મનખા દેહ મળી આવે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં એને માટે દશ દૃષ્ટાંતો આપી મનુષ્યભવની દુર્લભતા અસરકારક રીતે બતાવી છે. એક એક દૃષ્ટાંત વાંચતાં મનુષ્યભવ મળવાની મુસીબતો માનસ પર ચિત્ર પાડી દે છે.

આવો મનખા દેહ, આવી મુસીબતે મળે તેવું માનુષ્ય, આવો દોહિલો નરભવ મળે અને પછી પ્રાણી તેને વેડફી નાખે તેની અક્કલની શી કિંમત થાય? ખાવાપીવાના આરામમાં, રેસ અને સટ્ટાના જુગારમાં, ઢીચી ઢીચીને દારૂ પીવાની પાર્ટીઓમાં, રસરંગ લેવામાં, મોડી રાતે શંકાસ્પદ ચાલચલગત-વાળી પારકી કે નધણીઆતી સ્ત્રીઓ સાથે રમણ કરવામાં જે જીવન વેડફી નાખે, અથવા કાવાદાવા, કારસ્તાન અને દંભ-માયાના પૂતળાસમી રાજદ્વારી ગૂંચવણોમાં ખેલ ખેલ્યા કરે કે સ્પર્શસુખમાં કાળ નિર્ગમન કરે કે અતિ મોટા વેપારની ગડમથલમાં ઘરની, પોતાની કે સંતતિની વિચારણા કરવાનો વખત પણ ન મેળવી શકે. આવી પ્રવૃત્તિમય ધમાલમાં ધોરણસરની કે ધોરણ વગરની દોડધામમાં પૂરો વિચાર પણ ન કરી શકે અથવા મહાઆળસ કે પ્રમાદમાં પડ્યો રહે, ગામગપ્પાં હાંકયા કરે, કુથલી કર્યા કરે, મુદ્દો સમજ્યા વગર લડાઈની, અર્થશાસ્ત્રની કે દેશની કથા કર્યા કરે. આવી રીતે જિંદગી વેડફી નાખનાર આ અતિ મુશ્કેલીએ મળેલા દુર્લભ મનુષ્ય-ભવનો લાભ ઉઠાવવાને બદલે એને ખોઇ બેસે છે, એને અર્થશૂન્ય બનાવી દે છે અને અંતે હારેલ જુગારીની જેમ લડથડિયાં ખાતો પડદાની અંદર પેસી જાય છે, મનુષ્યભવ ગુમાવી બેસે છે.

આવા પ્રાણીનું વર્તન ઘરમાં બેઠા હોઈએ અને બારીએ કાગડો કા કા કરતો હોય તેને ઉડાવવાના કામમાં મહામૂલ્યવાન ચિંતામણિ રત્નનો ઉપયોગ કરવા બરાબર છે. ઇચ્છિત વસ્તુ લાવી આપનાર ચિંતામણિ રત્નનો આવો ઉપયોગ ઘટે? છતાં અંતરને તપાસજો, પોતે આ મનુષ્યદેહનો કેવો ખોટો ઉપયોગ કરી રહ્યા છો તે વિચારશો, આવી અનુકૂળતા મળવી મુશ્કેલ છે તે વિભાવજો અને મૂર્ખાની પંક્તિમાં બેસી બાજી હારી ગયા પછી પસ્તાવું ન પડે તેવું કાંઇ કામ કાઢી લેવા નિર્ણય કરશો. બાકી તો કૈંક આવ્યા, કૈંક ગયા. બાકી અનેક ભવની પેઠે પોતાનો આંટો-ફેરો જ ગણાવવો હોય તો મરજીની વાત છે.

---

**चिन्तारत्नं विकिरति कराद्वायसोड्डायनार्थम्। यो दुःप्राप्यं गमयति मुधा मर्त्यजन्म प्रमत्तः ॥**

**सिंदूरप्रकर, गाथा ५, उत्तरार्ध.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨૨ )

## સમાનરૂપતા-Equanimity—

### મહાનુભાવ પુરુષો સંપત્તિમાં અને વિપત્તિમાં એક સરખા જ હોય છે.

ખરેખરા મહાન પુરુષો હોય છે તે સંપત્તિમાં અભિમાનમાં આવી જતા નથી, પોતે મોટા કે ઊંચા છે એમ ગણતા નથી, આફતમાં કે ગરીબીમાં આવી જાય તો મુંઝાઇ જતા નથી, કકળાટ કરી કલેશ કરતા નથી કે આત્મહત્યા કરવાનો વિચાર કરી કર્મફળ ભોગવવા કરતાં તેનાથી દૂર નાસી જતા નથી. સારા વખતને એ બરાબર ઓળખે છે, સારી સ્થિતિનો પૂરતો લાભ લે છે, વિવેકપૂર્વક વ્યય કરે છે, અને આખો વખત આનંદ અને ઉમંગમાં રહી લહેર કરે છે. એ વિપરીત દશા આવી પડે તો એ દશાથી દબાઇ જતા નથી, પોતાનું આત્મધન શોક કરીને ગુમાવતા નથી અને ગરીબ ગણાવામાં ગૌરવહાનિ માનતા નથી. એ તો સૂર્ય તો ઉદય વખતે લાલ હોય છે, તેવો જ અસ્ત વખતે પણ લાલ જ હોય છે.

મોટા માણસને સંપત્તિ આવે અને મોટાને જ આફત આવે. એ તો 'જીસ ઘર બહોત વધામણાં, ઊસ ઘર મોટી પોક.' જેને ઘેર પુત્રજન્માદિ વખતે હજારો સેંકડો વધામણી દેવા આવે, અભિનંદન આપવા આવે, તેને ઘેર જ્યારે મરણ થાય ત્યારે ઘણા આભડનારા હોવાથી પોક પણ મોટી જ પડે. ચંદ્ર વધે છે અને ઘટે છે પણ ચંદ્ર જ. તારાઓ તો ત્રણે કાળ તારા જ રહે છે એટલે નાના મોટા થવું એ તો **મોટાઇનું** લક્ષણ છે.

અને ગમે તેવા મોટા થવાનું બની આવે કે ગમે તેટલું કચરાઇ જવાનું ભાગ્યને ફાળે આવે, પણ જેના મનમાં, બોલીમાં કે વર્તનમાં જરા પણ ફેર પડે નહિ, જેના વિચારમાં કે વ્યવહારમાં તલ જેટલો પણ તફાવત પડે નહિ, જે અનુકૂળ કે વિપરીત સંયોગોમાં હરખાઇ કે દુહવાઇ જાય નહિ તે જ 'મહાન'ના નામને યોગ્ય છે. આફતમાં એ લાંબો હાથ ન કરે, આફતમાં એ છાતી કૂટવા બેસી ન જાય, અગવડમાં એ ગાંડોઘેલો ન થઇ જાય, કમાણીની ચઢતીમાં એ ફૂલીને ફાતીઓ ન થઇ જાય, લાખોના વૈભવ કે હવેલીના વાસ દરમિયાન એને પોતાની પહોળાઇના પ્રમાણમાં શેરી સાંકડી ન લાગે.

આવી રીતે ખરા મોટા માણસમાં સારા ચઢતા દહાડામાં જેવી ગૃહસ્થાઇ હોય, જેવી સભ્યતા હોય, જેવી સજ્જનતા હોય, જેવો વિવેક હોય, તેવો જ તેવા જ આકારનો વિવેક અને તેવી જ ગૃહસ્થાઇ, સભ્યતા અને સજ્જનતા મોળાવાંકા દિવસમાં પણ હોય. અને એ જ એની મહત્તા છે. જે પ્રાણી આફતમાં હાંફળોફાંફળો થઇ જાય, જે પૈસા જતાં કે ઘરમાં આકરું મરણ થતાં માથું કૂટવા મંડે કે કૂવે પડવા દોડી જાય તેનામાં 'મહાનતા' નથી એમ સમજવું. જે ત્રણ કાળમાં એકસરખો રહે, જેની એકાંતમાં અને જાહેરમાં જીવનવાહિતા એકસરખી ચાલે, જે કટાક્ષ કે કડવાશથી દૂણાઇ ન જાય, જે પ્રશંસા કે ખુશામતથી ફૂલી ન જાય, જે નિંદાથી ગભરાઇ ન જાય, જે બિરુદાવળીના શ્રવણથી છલકાઇ ન જાય, **તે મહાન છે, તે સજ્જન છે, તે સત્પુરુષ છે;** તે શ્લાધ્ય છે, પ્રશંસનીય છે, વંદનીય છે, ધર્મરત્નની પ્રાપ્તિને યોગ્ય છે અને અંતે અનંત સુખ પ્રાપ્ત થાય તે માર્ગે ચઢી ગયેલ છે.

**संपत्तौ च विपत्तौ च, महतामेकरूपता ।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨૩ )

## એકરૂપતા–Uniformity—

**જેવું મન ( મનના વિચાર ) હોય તેવી વાણી હોય, અને જેવી વાણી હોય તેવી જ ક્રિયા–કાર્યપ્રવૃત્તિ હોય: ચિત્તમાં, વચનમાં અને ક્રિયામાં સાધુપુરુષોની એકરૂપતા હોય છે.**

**સજ્જન** અને પ્રાકૃત અથવા પતિત કે દુર્જનની અંદર એક મોટો તફાવત છે અને તેના પર અહીં મુદ્દામ રીતે ધ્યાન ખેંચવામાં આવ્યું છે. ચાલુ વહેવારૂ માણસ હશે તે ધર્માખ્યાન વખતે, નવરાશની વાતો વખતે કે પાંચ માણસમાં બેઠો હશે ત્યારે તો એવા ઠાવકા વિચારો બતાવશે અને બીજાની પંચાત કરતી વખતે એવી મોટી મોટી વાતો કરશે અને સદ્ગુણો પર એવા વિચારો અને ભાષણો આપશે કે સાંભળનારને જરૂર એમ જ લાગે કે એ ભાઈ તો રાજા હરિશ્ચંદ્રના અવતાર છે, કે એ ભાઇ ધર્મરાજાની બીજી આવૃત્તિ છે. પણ એ **વર્તન** કરે ત્યારે એને કાળાં બજાર કરતાં આંચકો નહિ આવે, એને માલની ભેળશેળ કરવામાં ખંચકો નહિ આવે, એને ઓછો માલ તોળી આપવામાં સંકોચ નહિ થાય, એને પાકો રંગ કહી વેચવાની ચીજ પાણીમાં પડે કે એમાંથી રંગના પ્રવાહો ચાલશે; એ ઉત્તર દિશા બતાવી પશ્ચિમે દેખાશે, એ ધણીને કહેશે ધાડ અને ચોરને કહેશે નાશ–આવા લક્ષણવાળા અને કોઇ જાતના વિશુદ્ધ આદર્શ વગરના પોતાના ગોળા ગબડાવનાર પ્રાકૃત માણસ પણ હોય છે. એ ' હે ચેતન ! હે ચેતન ! ' કરતો જાય અને **પોથીમાંના રીંગણાં** અને ઝોળીમાંના રીંગણાં વચ્ચે તફાવત છે એમ એના વર્તનથી અને વ્યવહારથી બતાવી આપે.

જ્યારે **ખરો સજ્જન** પુરુષ હશે તે વિચારશે તેવું બોલશે, બોલશે તે પ્રમાણે વર્તશે અને એને ગમે તેટલો તાવો, એની કસોટી કે અગ્નિપરીક્ષા કરો; પણ એ ત્રણ કાળમાં એક સરખો દેખાશે અને એના હૃદયમાં ઝેર, વેર, કદાગ્રહ કે દ્વિધાભાવ કદી જોવામાં, જાણવામાં કે કલ્પવામાં આવશે નહિ. એને કોઇ કાપી નાખે, કોઇ એને પારાવાર નુકસાન કરે કે કોઇ એની નિંદા કરે–પણ એનાં વર્તન, ભાષણ કે વિચારમાં **નરી એકરૂપતા** દેખાશે. એને ઢોંગ ન હોય, એને દેખાવ ન હોય, એને ગોટાળા ન હોય, એના બિલોરી પારદર્શક મનમાં કદર્થના, હીનતા, દીનતા કે આશાભાવ ન હોય, એને મનમાં સાચું લાગે તેનો ઉચ્ચાર કરવામાં સંકોચ ન હોય, અને એની લેવડદેવડ, વ્યવહાર કે ભાષામાં કદી બેવડો ભાવ ન જ આવે, કદી ઉપરથી એક અને અંદરથી અન્ય એવો દ્વિધાભાવ ન આવે અને એ ત્રણ કાળમાં એક સરખો સીધો સરળ નિરાડંબરી અને સત્યશીલ રહે. આવા બીજા પ્રકારના પુરુષને **સાધુનું** નામ શોભે, એ ખરો **સજ્જન** કહેવાય, એ **સંત** તરીકે જીવે અને વગર બોલે પણ પોતાનાં વર્તનથી જગતને ઉપદેશ આપે, દાખલો પૂરો પાડે અને અનુકરણીય બને. આવા સંતપુરુષોથી દુનિયા શોભે છે, આવા મહાન આત્માથી જગત રહેવા લાયક બને છે, આવા પુરુષો **ખરા ધર્મી** છે. બાકી તો અનેક આવ્યા અને ઘણાખરા તણાઇ ગયા તેનાં નામનિશાન કે એંધાણ રહ્યાં નથી.

---

**यथा चित्तं तथा वाचो, यथा वाचस्तथा क्रिया। चित्ते वाचि क्रियायां च, साधूनामेकरूपता ॥**

**કુમારપાળ પ્રબંધ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨૪ )

## પરોપકાર—Beneficence—

**પરોપકારી પુરુષ સર્વ પ્રાણીઓનાં કાર્યોને કરતો રહે છે. એ પોતાના અંગત કામમાં આળસુ રહે છે જ્યારે પારકાનાં કામો કરવામાં તત્પર રહે છે. આવો પરોપકારી માણસ કોને વહાલો ન લાગે ?**

**આવા** ઘર બાળીને તીરથ કરનારા પણ હોય છે. કોઇ એને નાનું કામ બતાવે કે એ તે કામ પાછળ લાગી જાય છે, પારકાનાં કામની એને એટલી દરકાર હોય છે કે એ કરતાં એને પોતાનાં ભૂખ તરસ તકલીફ કે ઉજાગરા ખ્યાલમાં પણ રહેતાં નથી, અને એને કામ કરવામાં એટલો આનંદ આવે છે કે એનું વર્ણન થાય નહિ. સામો માણસ એનો આભાર માને તો એને ઊલટી શરમ લાગે છે અને પોતાના હૃદયથી એ કામ કરવામાં પોતે ઉપકાર કરે છે એવું એને જરા પણ લાગતું નથી. નિઃસ્વાર્થ ભાવે માંદાની માવજત કરનાર દાઇ કે ગાઢ જંગલમાં પાણીનું પરબ માંડનાર ડોસીને નથી હોતી પ્રશંસાની ઇચ્છા, કે નથી જોઇતી અન્યની પ્રેરણા. સેવાભાવે નિઃસ્વાર્થ વૃત્તિએ કીર્તિની આશા કે ઇચ્છા વગર વ્યાખ્યાનો કરનાર, જનતાને સુખ માટે સમર્પણ ભાવે શોધખોળ કરનાર વૈજ્ઞાનિક કે રાતના બે વાગે માંદાને જોવા જનાર ફી કે બદલાની આશા વગરના વૈદ્ય કે ડાકટર આ કક્ષામાં આવે છે. આવા **પારકાને માટે જીવનારા** પરોપકારી જીવડાને જોયાં હોય તો એની **ગંભીરતા, નમ્રતા** અને **સહિષ્ણુતા** માટે માન થયા વગર રહે નહિ. એવા પ્રાણી એના સ્વભાવને લઇને જ સર્વના વહાલાં થઇ પડે છે, સર્વ એના તરફ ઉમળકાથી જુએ છે અને એવાનો પડયો બોલ ઉપાડી લે છે.

અને **જીવનનો** હેતુ પણ શો છે ? મહાપ્રવૃત્તિ કરવી, અને તેટલા ધનના ઢગલા કરવા, ગોટા વાળવા, કાળા બજાર કરવા, અને મોત આવે ત્યારે સર્વ અહીં મૂકી હારેલ જુગારીની જેમ ચાલ્યા જવું—કે કાંઇ પરને માટે કરી જવું, કાંઇ પોતાની જાતને વિસરી જવી, કાંઇ નિઃસ્વાર્થભાવે સમર્પણ દૃષ્ટિએ કરવું કે આપવું. સ્વાર્થ અને પરમાર્થના, પેટી ભરવાના અને કોથળી ઉઘાડી મૂકવાના, ખૂબ ખાવાના કે પુષ્કળ ખવરાવવાના રસ્તા દુનિયામાં વેરાયલા પડ્યા છે. બાકી તો ' કાકા ! માંધાતા જેવા મોટા રાજાઓ ગયા, તેની સાથે પૃથ્વી નથી ગઇ પણ તમારી સાથે તો જરૂર આવશે ! ' આવા **ભોજના ઉદ્‌ગારોને** સમજવાની જરૂર છે. નંદરાજાની સોનાની ડુંગરી પણ અંતે અહીં જ રહી ગઇ અને છ ખંડને રાડ પડાવનારા પણ અંતે રસ્તે પડી ગયા, જીવન હારી ગયા અને હાથ ઘસતા ઠેકાણે પડી ગયા. એવા પ્રાણી જીવતા હોય ત્યારે કોઇને ગમે નહિ, મરી ગયા પછી એને કોઇ યાદ કરે નહિ અને સંસારના ચકરાવામાં તણાઇ ફસડાઇ જાય. ભામાશા, પેથડશા પણ ગયા અને ધવલ શેઠ પણ ગયો. પણ ઉપકારી શેઠોનાં નામો ઉચ્ચારતાં મનમાં શાંતિ થાય છે, કલમમાં જોમ આવે છે, એમના જીવનની મીઠી ફોરમ વરસો પછી પણ આહ્‌લાદ ઉપજાવે છે. એનું નામ **જીવન** કહેવાય, એનું નામ **વિકાસ** કહેવાય, એનું નામ પ્રગતિપંથ કહેવાય. જગતના વલ્લભ થવાના લ્હાવા લેવા જેવું છે, એની શાંતિ ઓર જ છે, એની તમન્ના અદ્‌ભુત છે, એવું જીવન ઇચ્છનીય છે, સફળ છે, વ્યાપક છે, ઇષ્ટ છે, સ્પૃહણીય છે.

**મૌક્તિક**

**जनस्य सर्वस्य समीहितानि, कार्याणि कुर्वन्नुपकारकारी ।**
**स्वार्थे प्रमादी प्रगुणः परार्थे, न कस्य कस्येह स वल्लभोऽभूत् ॥**

**ધર્મકલ્પદ્રુમ.**

For Private And Personal Use Only

# યોગ મીમાંસા.

સંગ્રાહકઃ—મુનિ પુણ્યવિજયજી ( સંવિજ્ઞ પાક્ષિક )

( પ્રસ્તુત લેખ એક વિદ્વાન્ મુનિવર્યશ્રીની નોંધ ઉપરથી સંગ્રહિત છે; તેમાં મેં કેટલાક શબ્દ તથા વાકયોનો યથાસ્થાને ઉમેરો કરી યથામતિ સંકલના કરી મૂકેલ છે. પોતાની વાસ્તવિક દશાનું ભાન કરાવે તેવો અતીવ ઉપયોગી જણાયાથી આ લેખ તરીકે પ્રસિદ્ધ કરાય છે. યોગ પરત્વે શાસ્ત્રીય દૃષ્ટિએ અબાધિત વિમર્શ-વિશિષ્ટ વિચારને સ્થાન હોઈ લેખનું નામ ' યોગમીમાંસા ' રાખ્યું છે. સં. )

' **मुक्खेण जोअणाओ जोगो** ' જેના યોગે આત્માનું મુક્તિ સાથે બરાબર યોજન થાય તે ' **યોગ** ' કહેવાય છે. એ આચારરૂપ પણ હોય, અને પરિણામરૂપ પણ હોય. જે આચારરૂપ યોગ છે; તે **કર્મયોગ** કહેવાય છે, અને જે પરિણામરૂપ યોગ છે તેને **જ્ઞાનયોગ** કહેવાય છે. કર્મયોગમાં આચારની મુખ્યતા અને પરિણામની ગૌણતા છે અને જેમાં માત્ર પરિણામની જ મુખ્યતા છે તે જ્ઞાનયોગ. કર્મયોગમાં શુભ ઉપયોગની દશા હોય છે; જેને સવિકલ્પક દશા કહેવાય છે. અથવા તો પ્રવૃત્તિ માર્ગ ( અસત્‌થી નિવૃત્તિ અને સત્‌માં પ્રવૃત્તિ ) યા તો ભેદોપાસના કહેવાય છે, કે જેમાં જગત્ માત્રથી પોતાનો આત્મા ભિન્ન રૂપે છે, એવું ધ્યાન કરાય છે. ચોથા ગુણસ્થાનકથી આરંભી યાવત્ સાતમા સુધી શુભોપયોગ યા તો ભેદોપાસનાની મુખ્યતા હોય છે. બાદ અભેદોપાસનાનો એટલે કે પરમાત્મા સાથે આત્માનો અભેદ સિદ્ધ કરવા આરંભ થાય છે. એટલે કે નિરંજન નિરાકાર પરમાત્માનું જે ધ્યાન તે આઠમા ગુણસ્થાનકથી શરૂ થાય એને જ અભેદોપાસના અથવા **નિવૃત્તિમાર્ગ** કહેવાય છે; કે જેમાં બાહ્ય આવશ્યકાદિ ક્રિયાઓ પણ હોતી નથી; માત્ર સમતા યા તો નિર્વિકલ્પક સમાધિ હોય છે. નિર્વિકલ્પક એટલે માનસિક વૃત્તિઓનો સંપૂર્ણ નિરોધ જેને ' **શુદ્ધ ઉપયોગ** ' કહેવાય છે, એ દશા આઠમાથી બારમા ગુણસ્થાનક સુધી હોય છે. જેના અંતે ' ઉજાગરદશા ' અથવા તો ' પ્રાતિભ ' નામનું અનુભવજ્ઞાન થાય છે. જેના પ્રતાપે કેવળજ્ઞાનરૂપ જ્યોતિ પ્રગટ થાય છે. એ નિર્વૃત્તિ માર્ગને જ ' ધર્મમેઘ સમાધિ ' યા તો **અસંગાનુષ્ઠાન** કહેવાય છે.

યોગના બીજા પણ અનેક ભેદો છે. સ્થાન-વર્ણ-અર્થ આલંબન અને અનાલંબન. પ્રથમના બે ' કર્મયોગ ' છે જ્યારે બાકીના ત્રણ ' જ્ઞાનયોગ ' છે. આ યોગની શુદ્ધિ પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગરૂપ શુદ્ધ આશય પંચકદ્વારા થાય છે. એ જ પ્રકારે અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષયરૂપ યોગના પાંચ ભેદ છે. એમાં વૃત્તિસંક્ષયના બે ભેદ છે. ચિત્તવૃત્તિસંક્ષય ( જે બારમે ગુણસ્થાનકે સિદ્ધ થાય છે. ) અને યોગવૃત્તિસંક્ષય ( જે ચૌદમે સિદ્ધ થાય છે. ) તેવી જ રીતિએ ઇચ્છા, શાસ્ત્ર અને સામર્થ્યરૂપ ત્રણ ભેદો છે. જેમાં ઇચ્છાયોગ પ્રાયઃ ચતુર્થથી અને શાસ્ત્રયોગ પંચમથી સપ્તમ પર્યંત અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સામર્થ્યયોગ અષ્ટમ ગુણસ્થાનકથી શરૂ થાય છે. એ સામર્થ્યના પણ ધર્મ સંન્યાસ અને યોગ સંન્યાસરૂપ બે ભેદ છે. ચિત્તવૃત્તિના પૂર્ણ નિરોધને ધર્મ સંન્યાસનું ફળ કહેવાય છે. ધર્મ સંન્યાસ એટલે ક્ષાયોપશમિક ધર્મોનો સંન્યાસ–ત્યાગ અને ક્ષાયિક ધર્મોના આઠમા ગુણસ્થાનકથી પ્રાદુર્ભાવાર્થે પ્રયાસ. યોગસંન્યાસ એટલે સંપૂર્ણ કાયિક વૃત્તિનો નિરોધ જેને ' અયોગિ દશા ' કહેવાય છે; જે શૈલેશીકરણનું ફળ છે. એ જ રીતિએ તે તે યોગમાં પ્રવેશ કરવા મિત્રા આદિ આઠ દૃષ્ટિ ( શુદ્ધ પરિણામ-જન્ય વિશેષ બોધ ) એ પણ યોગ જ છે. આ યોગોની પ્રાપ્તિનું કારણ તે તે અનુષ્ઠાન છે. જેના પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ આ ચાર નામો છે. પૂર્વોક્ત સ્થાનાદિના ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા તથા સિદ્ધિ કાર્ય છે, અને એના પણ પ્રશમ, સંવેગ, નિર્વેદ અને અનુકંપા કાર્ય છે.

યોગનો વાસ્તવિક કાળ સંયમદશાનો કાળ છે. તે પૂર્વે ઉપચારથી યોગદશા માની શકાય. સમ્યગ્દર્શનના અસ્તિત્વમાં મુખ્યતયા પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાન હોઇ શકે તથા શાસ્ત્રયોગની સન્મુખતા સંભવી શકે. આમ છતાં અપુનર્બંધકદશાથી પણ યોગનો પ્રારંભ કાળ માની શકાય, પણ તે પૂર્વમાં તો અસંભવિત જ ગણાય. જ્યાં સુધી જીવ ચરમાવર્તી બને નહિ, ત્યાં સુધી એને યોગની દશા પ્રાપ્ત જ ન થાય એટલું જ નહિ બલ્કે યોગ્યતાની પણ પ્રાપ્તિ થાય નહિં. વધુમાં યોગની દૃષ્ટિએ વાસ્તવિક યોગદશાનું શ્રવણ કરવાની પણ યોગ્યતા પ્રાપ્ત થાય નહિ; તદ્‌વિષયિણી જિજ્ઞાસા પણ ચરમાવર્તમાં જ થાય.

જે જીવ ચરમાવર્તમાં–છેલ્લા પુદ્ગલપરાવર્તમાં હોય, સંસારથી સ્વાભાવિક ઉદ્વિગ્ન હોય, તીવ્ર ભાવે પાપકર્તા ન હોય, સર્વત્ર ઉચિત પ્રવૃત્તિમંત હોય, અસદભિનિવેશી ન હોય અને શાસ્ત્ર દૃષ્ટિએ આન્તરધર્મની અપેક્ષાએ ધર્મનો જિજ્ઞાસુ તથા અર્થી હોય તે **અપુનર્બંધક** કહેવાય.

દૃષ્ટિ બે પ્રકારની છે. એક ઓઘદૃષ્ટિ અને બીજી વાસ્તવિકદૃષ્ટિ યા યોગદૃષ્ટિ. જે પ્રકાશ ગાઢ મિથ્યાત્વના સહકારથી અત્યંત આચ્છાદિત થએલ છે; અને એથી જ જેમાં વિપર્યાસનો અતિ સંભવ છે, વિપર્યાસ જ છે, તે ' ઓઘ દૃષ્ટિ ' કહેવાય છે જેમાં જગત્ મૂંઝાયું છે. જ્યારે જેમાં ચરમ યથાપ્રવૃત્તિકરણના સ્વભાવે મિથ્યાત્વનો વેગ મંદ પડ્યો છે, અને એથી અલ્પ પણ વિશુદ્ધ પ્રકાશ પથરાયો છે, તે ' વાસ્તવિક દૃષ્ટિ ' કહેવાય છે. એમાં પણ અંશથી પણ મિથ્યાત્વના સંપર્કથી રહિત પ્રકાશ તો સ્થિરાદિ છેલ્લી ચાર શુદ્ધ દૃષ્ટિ જ કહેવાય છે.

અપુનર્બંધકદશાના વિકાસમાં દૃષ્ટિનો પણ વિકાસ થાય છે. આમ છતાં એ દૃષ્ટિ અવિશુદ્ધ હોય છે. કારણ મંદ હોવા છતાં મિથ્યાત્વના સંપર્કથી કલુષિત થએલ છે. એ દશામાં મિત્રાદિ પહેલી ચાર દૃષ્ટિઓ હોય છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અનંતર શુદ્ધ દૃષ્ટિઓનો લાભ થાય છે. તેનો અવધિકાળ કેવળજ્ઞાનની સીમા સુધી છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રત્યેક બુદ્ધ

( ગતાંક પૃ૪ ૧૪૫ થી શરૂ )

લેખક,- શ૦ ચોકસી.

**ઉપસંહાર—**

ભાવનાની વૃદ્ધિમાં એકાદ નાનકડી વસ્તુ કે નજીવો બનાવ કેવો મહત્વનો ભાગ ભજવે છે એ ચાલુ લેખમાળામાં વર્ણવેલા ભિન્ન ભિન્ન પ્રસંગોના રજુ કરાયેલા ચિત્રો ઉપરથી સહજ જોવામાં આવ્યું. જૈન કથા સાહિત્યસાગરમાં અવગાહન કરતાં આ પ્રકારના સંખ્યાબંધ ઉદાહરણો હાથ આવે તેમ છે. એટલા સારુ તો ભાવનાનું મહત્વ એમાં અતિ અગત્યનું સ્થાન ભોગવે છે.

એ કારણે જ 'નિમિત્તવાસી આત્મા' એ સૂત્ર ટંકશાળી બને છે. આંગ્લ લેખકોનો પણ એમાં સહકાર પ્રાપ્ત થાય છે. 'A man is a creature of circumstances' એ પ્રચલિત વાકયથી કોણ અજાણ્યું છે ?

માનવ જીવન પામીને જે જે આત્માઓએ મુક્તિસુંદરીના કમાડ ખખડાવ્યા છે એમાં જેમ ક્ષપકશ્રેણીવાળાનું સ્થાન આગળ પડતું ગણાય છે કેમકે એ તત્કાળ ફળદાયી છે તેમ અન્ય સાધનોમાં ભાવનાનું બળ પણ મોખરે બેસે તેવું છે. જો કે એના જોરે ઉત્ક્રાન્તિ કરનારા સર્વ આત્માઓની ગણના કંઇ પ્રત્યેકબુદ્ધમાં થતી નથી.

આમ છતાં એટલું વિના સંકોચે કહેવું જ પડશે કે બોધ પામવામાં અને પ્રગતિ સાધવામાં જે જે સાધનો જ્ઞાની ભગવંતોદ્વારા દર્શાવવામાં આવ્યા છે એમાં ભાવના અથવા તો ભાવ ઉદ્ભવે તેવા નિમિત્તોનો અંક અગ્રપદે છે. દરેક આત્માએ પોતાના વ્યવસાયમાંથી શકય હોય તે પ્રમાણમાં સમય બચાવી આવા દૃષ્ટાન્ત પ્રત્યે મીટ માંડી ભાવવૃદ્ધિનો અભ્યાસ ચાલુ રાખવો જોઇએ. એ કાર્યના સિદ્ધિ સતત્ અભ્યાસને આધીન છે. સતત્ ક્રિયાશીલને ઉપર વર્ણવ્યા તેવા કથાનકો માર્ગદર્શિકાની ગરજ સારે છે.

સંસ્કારી આત્માઓ અન્ય બહુલ સંસારી જીવોની માફક આ માનવ ભવમાં જીવન જીવતાં હોય છે. એમને જુદા તારવવાના કંઇ ખાસ ચિન્હો નથી હોતાં પણ અમુક પ્રસંગ સાંપડતાં જ્યાં બહુલ સંસારીનું જીવન ઘાંચીના બેલ જેવું દૃષ્ટિગોચર થાય છે ત્યાં એ સંસ્કારીઓ તરત જ જુદા પડે છે. એક જ ઇશારો, નાની સરખી ચીમકી, એમનો પંથ પલટાવી નાંખે છે. ગતાનુગતિકતામાં નથી એ રાચતા કે પ્રાપ્ત થયેલ સગવડોમાં નથી એ ખૂંચી જતા. અશ્વરત્ન જેમ ચાબુકના સામાન્ય ખખડાટથી હણહણી ઊઠે છે અને દોડવા માંડે છે તેમ આ આત્માઓ પણ મોહનિદ્રામાંથી પેલી ચીમકીના જોરે જાગ્રત થઇ એકદમ વિદ્યુત્ વેગે કૂચ કરે છે. આ કૂચ માનસિક હોય છે. એના માપ સારુ દુન્યવી ગજ કે ડૉકટરી થર્મોમીટર નકામા પડે છે; પણ જ્ઞાની પુરુષોના દર્પણમાં એનો પડછાયો તરત જ પડી જાય છે. એ વેળા કર્મપુંજોનો કેટલો ભાર હળવો થયો કિંવા કેટલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષોનો સંચિત કર્મરૂપી કચરો બળીને સાફ કરાયો તે તેઓ જાણી શકે છે. આ સર્વ પાછળ ભાવના–વારિના સતત્ છાંટણાં અને દીવાદાંડીની ગરજ સારતા દૃષ્ટાન્તોની સ્મૃતિપટમાં રમણતા જરૂરી છે.

આજનો માનવી પૂર્વકાળના જેવી સ્મરણશક્તિનો વારસો નથી પામ્યો એટલે એ કેટલું યાદ રાખી શકે એ પ્રશ્ન સહજ ઉદ્ભવે, પણ એનો તોડ સહજ છે. સાહિત્યના પાને નોંધાયેલાં લાંબા કથાનકો કે વિસ્તૃત જીવનચરિત્રો અક્ષરશ: ગોખી રાખવાની અગત્ય ન જ ગણાય. એમાંથી પોતાના જીવન સાથે બંધબેસતી થાય એવી જ કેટલીક નોંધ હૃદયના પટ ઉપર કોતરી રાખવાની છે; કે જેથી તક મળતાં એનો ઉપયોગ કરી શકાય.

ગજસુકુમાલ કેવી રીતે જન્મ્યા અને કોને પરણ્યા એ મહત્વનો મુદ્દો નથી, તેમ નથી અગત્યની વાત એમણે દંપતી જીવન કેવી રીતે વીતાવ્યું તે. મુદ્દાની વાત તો એ જ છે કે પ્રભુશ્રી અરિષ્ટનેમિના સમાગમમાં આવતાં જ એ આત્મામાં આત્મશ્રેયની સાચી તાલાવેલી ઉદ્ભવી. પછી એ માટે જે કંઈ કર્યું એ સર્વ પ્રગતિના પથિક માટે સાચી નોંધ પૂરી પાડે છે. સ્વ અને પરની પૂરી પારખ વિના એ આત્મા શ્વસુર એવા સોમિલ દ્વિજે માથે ખડકેલા બળતા અંગારા સમતાથી સહન કરી શકે! અરે, જરા પણ મનોદુઃખ વિના એને મુક્તિની પાઘડી માને! અવંતીસુકુમાલના જીવનમાં પણ ઉપરના જેવો જ પડઘો પડે છે. નલિનીગુલ્મ વિમાનના વર્ણને જીવનદિશામાં પલટો આણ્યો. સાત મહાલના પ્રાસાદમાં બત્રીશ રમણીઓની વચ્ચે ક્રીડામાં ઝૂલતો એ લાડકવાયો સીધો સ્મશાન ભૂમિમાં પહોંચ્યો અને શિયાલણીથી ચવાયો! છતાં સાધનામાંથી પાછો ન હઠ્યો.

એલાયચીકુમાર કોની પાછળ ભમતા હતા? એમ કરવામાં એ શું શું નહોતું ભૂલ્યો? દોર પર કેટલીવાર ચઢ્યો! એક જ આંચકો લાગ્યે –કર્ણપટ પર સામેની હવેલીમાં જે દ્રશ્ય સર્જાયું હતું એના રવ પડ્યા અને નજર ગઇ. અપ્સરાને પણ ટપી જાય એવી નવયૌવના મોદકનો થાળ ભરી સામે ઊભેલા સાધુને વહોરવા વિનવે છે. નત મસ્તકે પાતરું ધરી ઊભેલા એ સાધુ જરૂરપૂરતાં આવ્યા હોવાથી વધુ લેવાની ના પાડે છે. ' લ્યો, લ્યો, કહેતાં પણ લેતા નથી. ' એ નાદ ગૂંજે છે. આ બનાવે એલાચચીકુમારના અંતરમાં જબરો ખળભળાટ કરી મૂકયો. મનઅશ્વ જુદી જ દિશાએ દોડ્યો. જ્ઞાની ભગવંત કહે છે કે નાચવાના દોર પર એ લાડકવાયાએ કૈવલ્ય મેળવ્યું.

શા સારુ આઘે જવું? ભરત ચક્રીનું નાટક ભજવનાર અષાઢાભૂતિ મુનિની વાત વિચારોને. પ્રત્યેકબુદ્ધ લેખમાળાનો આ લેખ ભરતને જ નાયક બનાવી નાટક ભજવનારની વાતથી પૂર્ણ કરીએ. નર્તકીના મોહમાં ભાન ભૂલેલા એક સમયના એ મુનિએ ખરેખર સાચું જ નાટક ભજવી બતાવ્યું. ભરત ચક્રીનો પાઠ ભજવતાં કૈવલ્ય મેળવ્યું ત્યારે અનિત્ય ભાવનાની ઝણઝણાટી સાચા રૂપમાં અનુભવ્યા વગર એ બન્યું હશે?

આ કથાનકો પાછળ સંસ્કારનું પીઠબળ છે જ અને એમાં ભાવનાનો આવેગ–સોના સાથે સુગંધ ભળ્યા જેવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री आत्मानंद जैन ग्रंथरत्नमाला, श्री जैन आत्मानंद सभा भावनगर, श्री आत्मानंद जैन शताब्दि, प्रवर्तकश्री कान्तिविजयजी इतिहासिक तथा श्रीआत्मवीर वगेरे ग्रंथमाळा तरफथी छपायेला (मूळ) *प्राकृत-संस्कृत ग्रंथोनुं सुचिपत्र.

## प्राकृत-संस्कृत मूळ टीकाना ग्रंथो.

| नंबर | | |
|---|---|---|
| १ | समवसरण स्तवः अवचूरि | ०-१-० |
| २ | क्षुल्लकभवावली | ०-१-० |
| ३ | लोकनालिका द्वात्रिंशिका | ०-२-० |
| ४ | योनिस्तवः | ०-१-० |
| ५ | कालसप्ततिका | ०-१-६ |
| ६ | देहस्थिति | ०-१-० |
| ७ | सिद्धदंडिका | ०-१-० |
| ८ | कायस्थिति | ०-२-० |
| ९ | भाष्य प्रकरण | ०-२-० |
| १० | नवतत्त्व भाष्य | ०-१२-० |
| ११ | विचारपंचाशिका | ०-२-० |
| १२ | बंध षट्त्रिंशिका | ०-२-० |
| १३ | परमाणु पुद्गल निगोदषटत्रिंशिका | ०-३-० |
| १४ | श्रावकव्रतभंग प्रकरण | ०-२-० |
| १५ | देववंदन भाष्य | ०-५-० |
| १६ | सिद्धपंचाशिका | ०-२-० |
| १७ | अन्नायउच्छकुलकम् | ०-२-० |
| १८ | विचारसप्ततिका | ०-३-० |
| १९ | अल्पबहुत्व श्री महावीरस्तव | ०-२-० |
| २० | पंचसूत्रम् | ०-६-० |
| २१ | श्रीजंबूचरित्र | ०-४-० |
| २२ | रत्नपाळनृपकथा | ०-५-० |
| २३ | सुक्तरत्नावली | ०-४-० |
| ×२४ | मेघदूत | ०-४-० |
| २५ | चेतोदूत | ०-४-० |

| नंबर | | |
|---|---|---|
| २६ | पर्युषणाष्टान्हिका व्याख्यान | ०-६-० |
| २७ | चंपकमाला कथा | ०-६-० |
| २८ | सम्यकत्वकौमुदी | ०-१२-० |
| २९ | श्राद्धगुणविवरण | १-०-० |
| ३० | धर्मरत्न प्रकरण | ०-१२-० |
| ३१ | कल्पसूत्रसुबोधिका | अमूल्य |
| ३२ | श्री उत्तराध्ययनसूत्र | ५-०-० |
| ३३ | उपदेश सप्ततिका | ०-१३-० |
| ३४ | कुमारपाळ प्रबंध | १-०-० |
| ३५ | आचारोपदेश | ०-३-० |
| ३६ | रोहिणी अशोकचंद्रकथा | ०-२-० |
| ३७ | गुरुगुणषट्त्रिंशिका | ०-१०-० |
| ३८ | ज्ञानसार टीका | १-४-० |
| ३९ | समयसार | ०-१०-० |
| ४० | सुकृतसागर | ०-१२-० |
| ४१ | धम्मिलकथा | ०-२-० |
| ४२ | प्रतिमाशतक | ०-८-० |
| ४३ | धन्य कथा | ०-२-० |
| ४४ | चतुर्विंशतिजिन स्तुति संग्रह | ०-६-० |
| | मेरुत्रयोदशी कथा | ०-१-० |
| ४५ | रोहणेय चरित्र | ०-२-० |
| ४६ | श्री क्षेत्रसमास | १-०-० |
| ४७ | बृहत्संघयणी | २-८-० |
| ४८ | श्राद्धविधि | २-८-० |
| ४९ | षड्दर्शनसमुच्चय | ३-०-० |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| ५० पंचसंग्रह प्रथम भाग | ३-८-० |
| ५१ सुकृतसंकीर्तन महाकाव्यम् | ०-८-० |
| ५२ प्राचीन चार कर्मग्रंथ सटीक | २-८-० |
| ५३ संबोधसित्तरी | ०-१०-० |
| ५४ कुवलयमाळा | १-८-० |
| ५५ सामाचारी प्रकरण | ०-८-० |
| ५६ करुणावज्रायुद्ध नाटक | ०-४-० |
| ५७ कुमारपाळ महाकाव्यम् | ०-८-० |
| ५८ श्री महावीर चरित्र | १-०-० |
| ५९ कौमुदी मित्राणंद नाटकम् | ०-६-० |
| ६० प्रबुद्धरोहिणेयम् | ०-५-० |
| ६१ धर्माभ्युदयम् | ०-४-० |
| ६२ पंचनिर्ग्रन्थी प्रज्ञापना तृतीय पाद संग्रहणी प्रकरण | ०-६-० |
| ६३ रयणसेहरी कथा | ०-६-० |
| ६४ सिद्धप्राभृत सटीकम् | ०-१०-० |
| ६५ दानप्रदीप | २-०-० |
| ६६ बंधहेतूदयत्रिभंगी प्रकरण | ०-१०-० |
| ६७ धर्मपरीक्षा | १-०-० |
| ६८ सप्ततिशत स्थान प्रकरण | १-०-० |
| ×६९ चैत्यवंदन महाभाष्य | १-१२-० |
| ७० प्रश्नपद्धति | ०-२-० |
| ×७१ श्री कल्पसूत्र किरणावली | अमूल्य |
| ७२ योगदर्शन | ०-१-० |
| ७३ मंडळ प्रकरण | |
| ७४ देवेन्द्र नरकेन्द्र प्रकरण | |
| ७५ चन्द्रवीर शुभा कथा | |
| ७६ जैन मेघदूत | |
| ७७ श्रावक धर्म विधि प्रकरण | |
| ७८ गुरुतत्त्वविनिश्चय | |
| ७९ देवेन्द्र स्तुति चतुर्विंशतिका | |
| ८० वसुदेव हिन्दी प्रथम खंड | |
| ×८१ ,, द्वितीय खंड | ३-९-० |
| ८२ बृहतकल्प सूत्रम् पिठीका प्रथम भाग | |
| ८३ ,, द्वितीय भाग | |
| ×८४ ,, तृतीय भाग | ५-८-० |
| ×८५ सटीक चत्वार कर्मग्रंथ | |
| ×८६ ,, पंचम षष्ठकर्मग्रंथ | ४-०-० |
| ×८७ बृहतकल्प भाग चोथो | ६-४-० |
| ×८८ ,, पांचमो | ५-०-० |
| ८९ सकलार्हत स्तोत्रम् | |
| ९० बृहतकल्प भाग छट्ठो ( हवे तुरतमां प्रसिद्ध थशे ) | |
| ×९१ कहारयण कोहो ग्लेझ | ८-८-० |
| ,, लेझर | १०-०-० |

## श्री आत्मानंद जन्म शताब्दिसीरीझ.

| | |
|---|---|
| १ वीतराग स्तोत्र | |
| २ प्राकृत व्याकरण | |
| ×३ ब्रह्मचर्य चारित्र पूजा | ०-२-० |
| ×४ विजयानंदसूरि | ०-८-० |
| ×५ नवस्मरण स्तोत्र संग्रह | ०-८-० |
| ६ वीतराग महादेव स्तोत्र | |
| ×७ त्रिषष्ठि शलाका पुरुष चरित्र पर्व १लुं बुकाकारे | १-८-० |
| ८ ,, ,, ,, पर्व बीजुं, त्रीजुं, चोथुं, पांचमुं विगेरे छपाय छे. | |

* प्राकृत-संस्कृत मूळ ग्रंथो तो प्रथम पुरती सहाय जेमां मळेली ते ते ग्रंथो दरेक समुदायना गुरु महाराज के म्होटा मुख्य मुनिराजोनी सम्मतिथी मुनि महाराजो वगेरेने शुमारे पचीश हजार रुपीयाना ग्रंथो ( भंडारो वगेरेने ) विना मूल्ये भेट आपेला छे.

× आ निशानीवाळा ग्रंथो मळे छे, बीजा सीलीके नथी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગુજરાતી અનુવાદોના ગ્રંથો આ સભા, શ્રી આત્માનંદ—જૈન શતાબ્દિ તથા પ્રવર્ત્તક શ્રી કાન્તિવિજયજી સીરિઝના છપાયેલા ગુજરાતી ગ્રંથો.

| નંબર. | | |
|---|---|---|
| ૧ | જૈન તત્વાદર્શ ગ્રંથ | ૫—૦—૦ |
| ૨ | નવ તત્ત્વનો સુંદર બોધ | ૧—૦—૦ |
| ×૩ | ધર્મબિન્દુ મૂળ ભાષાંતર | ૨—૦—૦ |
| ૪ | જીવવિચારવૃત્તિ | ૦—૮—૦ |
| ૫ | અજ્ઞાનતિમિર ભાસ્કર આવૃત્તિ બીજી | ૨—૮—૦ |
| ×૬ | જૈન ધર્મવિષયક પ્રશ્નોત્તર | ૦—૮—૦ |
| ×૭ | પ્રકરણ સંગ્રહ | ૨—૮—૦ |
| ×૮ | દંડક વૃત્તિ | ૦—૮—૦ |
| ×૯ | નયમાર્ગ દર્શક | ૦-૧૦-૦ |
| ×૧૦ | હંસવિનોદ | ૦ ૧૨-૦ |
| ૧૧ | વિવિધ પૂજા સંગ્રહ | |
| ×૧૨ | કુમારવિહાર શતક | ૧—૮—૦ |
| ×૧૩ | જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર(બીજી આવૃતી) | ૦—૮—૦ |
| ૧૪ | જૈન તત્ત્વસાર | ૦—૮—૦ |
| ૧૫ | ,, મૂળ | |
| ×૧૬ | આત્મવલ્લભ સ્તવનાવલી | ૦—૬—૦ |
| ૧૭ | મોક્ષપદસોપાન | ૦-૧૨-૦ |
| ×૧૮ | ધર્મબિન્દુ મૂળ સાથે બીજી આવૃત્તિ | ૨—૦—૦ |
| ×૧૯ | પ્રકરણ પુષ્પમાળા | ૦—૮—૦ |
| ૨૦ | ધ્યાનવિચાર | |
| ×૨૧ | શ્રાવક કલ્પતરૂ | ૦—૬—૦ |
| ૨૨ | આત્મપ્રબોધ | |
| ૨૩ | આત્મોન્નત્તિ | |
| ૨૪ | પ્રશ્નોતર પુષ્પમાળા | |
| ૨૫ | જંબૂસ્વામી ચરિત્ર | |
| ૨૬ | જૈન ગ્રંથગાઇડ | |
| ×૨૭ | નવાણું પ્રકારી પૂજા ( સાર્થ ) | ૦—૮—૦ |
| ×૨૮ | તપોરત્ન મહોદધિ ( આવૃતી બીજી ) | ૧—૮—૦ |
| ૨૯ | સમ્યક્ત્વ સ્વરૂપ સ્તવ | |
| ૩૦ | શ્રાદ્ધગુણવિવરણ | |
| ૩૧ | ચંપકમાલા ચરિત્ર | |
| ૩૨ | કુમારપાળ ચરિત્ર હિંદી | |

| નંબર. | | |
|---|---|---|
| ૩૩ | સમ્યક્ત્વ કૌમુદી | ૧—૦—૦ |
| ૩૪ | અનુયોગદ્વાર | ૦—૪—૦ |
| ૩૫ | અનુયોગ દ્વાર સૂત્ર | ૦-૧૨-૦ |
| ૩૬ | અધ્યાત્મ મત પરીક્ષા | |
| ૩૭ | ગુરુગુણ છત્રીશિ | |
| ૩૮ | શ્રી શત્રુંજય સ્તવનાવલી | |
| ×૩૯ | આત્મકાન્તિ પ્રકાશ | ૦—૮—૦ |
| ×૪૦ | જ્ઞાનામૃત કાવ્યકુંજ | ૦—૮—૦ |
| ૪૧ | દેવભક્તિમાળા | ૦—૮—૦ |
| ૪૨ | ઉપદેશ સપ્તતિકા | ૧—૦—૦ |
| ૪૩ | સંબોધસપ્તતિકા | ૧—૦—૦ |
| ×૪૪ | પંચ પરમેષ્ટી ગુણ રત્નમાલા | ૧—૮—૦ |
| ×૪૫ | સુમુખનૃપાદિ ધર્મકથા | ૧—૦—૦ |
| ૪૬ | શ્રી નેમનાથ પ્રભુ ચરિત્ર | |
| ૪૭ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ | ૨—૦—૦ |
| ૪૮ | આદર્શ જૈન સ્ત્રીરત્નો | ૧—૦—૦ |
| ×૪૯ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ | ૨—૮—૦ |
| ૫૦ | દાન પ્રદીપ | ૩—૮—૦ |
| ૫૧ | શ્રી નવપદપૂજા ( સાર્થ ) | ૧—૪—૦ |
| ×૫૨ | કાવ્ય સુધાકર | ૨—૮—૦ |
| ૫૩ | આચાર ઉપદેશ | ૧—૦—૦ |
| ૫૪ | ધર્મરત્ન પ્રકરણ | ૧—૦—૦ |
| ×૫૫ | પંચ પ્રતિક્રમણ સૂત્રાર્થ ( શાસ્ત્રી ) | ૩—૦—૦ |
| ×૫૬ | આત્મવિશુદ્ધિ | ૦—૬—૦ |
| ૫૭ | કુમારપાળ પ્રતિબોધ | ૩—૮—૦ |
| ×૫૮ | જૈન નરરત્ન ભામાશાહ | ૨—૦—૦ |
| ૫૯ | શ્રી વિમળનાથ ચરિત્ર | ૨—૦—૦ |
| ૬૦ | લાઇબ્રેરીનું લીસ્ટ | ૦—૮—૦ |
| ૬૧ | શ્રી ચન્દ્રપ્રભુ ચરિત્ર | ૨—૦—૦ |
| ×૬૨ | સુકૃતસાગર ( પૃથ્વીકુમાર ) | ૧—૦—૦ |
| ૬૩ | પ્રભાવક ચરિત્ર | ૨—૦—૦ |
| ×૬૪ | ધર્મપરીક્ષા ગ્રંથ | ૧—૦—૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ×૬૫ જૈન ધર્મ | | ૭૬ વિવિધ પૂજા સંગ્રહ | ૧-૦-૦ |
| ૬૬ સંવેગદ્રુમકંદલી | | ×૭૭ કલીંગનું યુદ્ધ | ૦-૧૨-૦ |
| ×૬૭ શ્રીપાળ રાજાનો રાસ | ૪-૦-૦ | ૭૮ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર | ૦-૧૨-૦ |
| ૬૮ સતી સુરસુંદરી | | ૭૯ શ્રી જ્ઞાનપ્રદીપ | ભેટ |
| ૬૯ કુમારપાળ ચરિત્ર હિંદી | | ×૮૦ શ્રી આદિનાથ પ્રભુ ચરિત્ર | ૫-૦-૦ |
| ×૭૦ શ્રી શત્રુંજય પંદરમો ઉદ્ધાર | ૦-૪-૦ | ×૮૧ શ્રી મહાવીરના યુગની મહાદેવીઓ | ૩-૮-૦ |
| ×૭૧ ,, સોળમો ,, | ૦-૪-૦ | ×૮૨ શ્રી વસુદેવ હિંડી | ૧૨-૮-૦ |
| ×૭૨ વીશસ્થાનક પૂજા (સાર્થ) | ૧-૦-૦ | ×૮૩ શ્રી સંઘપતિ ચરિત્ર | ૬-૮-૦ |
| ૭૩ શ્રી તિર્થંકર ચરિત્ર | | ×શ્રી પાર્શ્વનાથ ભગવાન ચરિત્ર (છપાય છે.) | |
| ×૭૪ આત્મકાન્તિ પ્રકાશ બીજી આવૃત્તિ | ૦-૮-૦ | ×શ્રી શાંતિનાથ ભગવાન ચરિત્ર | ,, |
| ૭૫ શ્રી મહાવીર ચારિત્ર | | ×શ્રી કથારત્ન કોષ | ,, |

## પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથમાળા

| | | | |
|---|---|---|---|
| ૧ વિજ્ઞપ્તિ ત્રિવેણી | | ૫ દ્રૌપદી સ્વયંવર | |
| ૨ કૃપારસકોષ | | ×૬ પ્રાચીન લેખ સંગ્રહ ભાગ બીજો | ૩-૮-૦ |
| ૩ શ્રી શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ | | ×૭ જૈન ઐતીહાસિક ગૂર્જર કાવ્ય સંગ્રહ | ૨-૧૨-૦ |
| ૪ પ્રાચીન લેખ સંગ્રહ ભાગ ૧ લો | | | |

## શ્રી આત્મ વીર સભાના પુસ્તકો.

- ૧ શ્રી પર્યુષણ અષ્ટાન્હિકા વ્યાખ્યાન
- ૨ શ્રીપાલ ચરિત્ર
- ૩ નયોપદેશ
- ૪ ગાંગેય ભંગપ્રકરણ
- ૫ મૃગાંક ચરિત્ર

× આ ગ્રંથો માત્ર સિલીકમાં છે.

શ્રી મહોદય પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આચાર્યપ્રવર શ્રી ૧૦૦૮ **શ્રી સિદ્ધિસૂરીશ્વરજી** મહારાજના પ્રશિષ્ય મુનિવર્ય **શ્રી ભુવનવિજયજીના** વિદ્વાન્ શિષ્ય **મુનિ શ્રી જંબૂવિજયજી મહારાજ** કરી રહ્યા છે.

પ્રસ્તુત મહાન્ ગ્રંથના સંશોધન માટે એની અનેકાનેક પ્રાચીન પ્રતિઓ એકત્ર કરવામાં આવી છે એટલું જ નહિ પરંતુ તે ઉપરાંત અનેકાનેક પ્રાચીન પ્રાચીનતમ દુર્લભ દાર્શનિક મુદ્રિત તેમજ હસ્તલિખિત ગ્રંથો વગેરે વિશિષ્ટ સાધન સામગ્રી એકત્ર કરી પ્રસ્તુત ગ્રંથને શુદ્ધતમ બનાવવા માટે પ્રયત્ન કરવામાં આવે છે–આવશે.

---

## અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને નમ્ર સૂચના.

## ભેટના બે અપૂર્વ સુંદર ગ્રંથો તૈયાર થયા છે.

### શ્રી પવિત્ર શત્રુંજય તીર્થ શ્રી આદીશ્વર ભગવાનની વર્ષગાંઠના દિવસથી ભેટ મોકલવાનું કાર્ય શરૂ થશે.

**૧ શ્રી સંઘપતિ ચરિત્ર**—પૂર્વાચાર્ય શ્રી ઉદયપ્રભસૂરિજી મહારાજે તેરમા સૈકામાં રચેલો આ ગ્રંથ જેમાં પ્રભાવનાધર્મનું અનુપમ વર્ણન, શ્રી સંઘ લઇ તીર્થયાત્રા કરવાથી થતા લાભો, શ્રી સંઘ માહાત્મય, શ્રી શત્રુંજય તીર્થની ઉત્પત્તિ અને માહાત્મયનું ગ્રંથકર્તા આચાર્ય મહારાજે જણાવેલું યથાસ્થિત વર્ણન, શ્રી આદિનાથપ્રભુ અને શ્રી નેમનાથ ભગવાનના ચરિત્રો, શ્રી ભરતચક્રવર્તિ અને કૃષ્ણ વાસુદેવ, પ્રદ્યુમનકુમારની સુંદર કથાઓ, શ્રી જંબુસ્વામીનું વર્ણન, મહાતપસ્વી યુગબાહુનું વૃત્તાંત, છ ઋતુઓનું બ્યાન અને બીજી અનેક અંતર્ગત કથાઓ, તેમજ આચાર્ય મહારાજશ્રીના ઉદ્દેશથી મહામત્ય વસ્તુપાળે શ્રી સંઘ સાથે કરેલ શ્રી શત્રુંજય, ગિરનાર મહાતીર્થોની યાત્રાનું અપૂર્વ વર્ણન, સંઘમાં શ્રી ચતુર્વિધ સંઘ અને મનુષ્યોની સંખ્યા અને વાહન રયાસતોનું જાણવા લાયક વર્ણન, શ્રી વસ્તુપાળ અમાત્યે કરોડોની સંખ્યામાં કરેલી અનુપમ સખાવતો, દાનોની નવીન જાણવા લાયક હકીકતો, શ્રી શત્રુંજય તીર્થ ઉપર કરેલ અપૂર્વ મહોત્સવ, દેવભક્તિ, સંઘ સેવા વગેરેનું વર્ણન આપી આચાર્ય મહારાજે આ ગ્રંથ સંપૂર્ણ કર્યો છે.

સુમારે ત્રણસેંહ પાનાનો દળદાર ગ્રંથ, સુંદર ગુજરાતી ટાઇપમાં ઉંચા કાગળો મજબુત બાઇંડીંગ અને સુંદર ચિત્રો સહિત આકર્ષક બે રંગમાં સુંદર જેકેટથી તૈયાર કરવામાં આવ્યો છે. કિંમત રૂા. ૬–૮–૦ પોસ્ટેજ અલગ.

**૨. શ્રી મહાવીર પ્રભુના યુગની મહાદેવીઓ**:—જેમાં સમકાલિન ચૌદ મહા–સતીઓનું સિદ્ધહસ્ત લેખક ભાઇ સુશીલે સુંદર અલંકારિક ભાષામાં લખેલ છે. ઉંચા કાગળો સુંદર ટાઇપો, મજબુત બાઈંડીંગ, સુંદર સોનેરી કવર જેકેટમાં સચિત્ર તૈયાર કરવામાં આવેલ છે. ચૌદ મહાસતીઓના સુંદર ચરિત્રો ચિત્રો સહિત આપવામાં આવેલ છે. કિંમત રૂા. ૩–૮–૦ પોસ્ટેજ અલગ.

ભેટ મોકલતાં પહેલાં સભાસદોને અગાઉથી ખબર પણ આપવામાં આવશે.

સખ્તમાં સખ્ત મોંઘવારીથી આઠ દશ ગણા ભાવો વધેલા હોવા છતાં અમો આવા સુંદર ગ્રંથો ગમે તેટલો ખર્ચ કરી સભાસદોને ભેટનો લાભ આપ્યા વગર રહેતા નથી. જે અન્ય કોઇ પણ સંસ્થા આવા સુંદર ગ્રંથો ભેટ આપી શકતી નથી, તેથીજ દિવસાનુદિવસ સભાસદોની સંખ્યામાં વૃદ્ધિ થયા કરે છે.

શ્રી વસુદેવહિંડી, શ્રી શાંતિનાથ ચરિત્ર પણ છપાય છે તે પણ સભાસદોને ભેટ ધારા પ્રમાણે અપાશે. અને તે બંને ગ્રંથો ઓછામાં ઓછા પંદર–સોળ રૂપીઆની કિંમતના થવા જાય છે. જેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

આત્મ કલ્યાણુ સાથે આર્થિક દૃષ્ટિએ પણ સારામાં સારો લાભ મળે છે અને વાંચી આત્મિક આનંદ પણુ મેળવાય છે.

---

### ૧ શ્રી વસુદેવહિંડી ગ્રંથ (શ્રી સંઘદાસ ગણિકૃત ભાષાંતર)

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાદતરૂપ આ ગ્રંથની સુમારે પાંચમા સૈકામાં તેની રચના થયેલી છે. મૂળ ગ્રંથનું બહુ જ પ્રયત્નપૂર્વકનું સંશોધનકાર્ય સદ્દગત મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. સાક્ષરવર્ય શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવ સાહેબે આ સભામાં એક વખત પધારી જણાવ્યું હતું કે–આ ગ્રંથનું મૂળ અને ભાષાંતર શુદ્ધ કરી પ્રગટ કરનાર જે સંસ્થા હશે તેણે ખરી સાહિત્યસેવા કરેલી ગણાશે. ભારતનો ઇતિહાસ તૈયાર કરવા માટે અજોડ અને બહુ જ પ્રાચીન ગ્રંથ છે. દરેક જૈન જૈનેતર સાક્ષર અને સાહિત્યકારની પ્રશંસાને પાત્ર થયેલ આ ગ્રંથ છે. આવા બહુ મૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાન રા. રા. ભોગીલાલ જ. સાંડેસરા એમ. એ. અમદાવાદવાળા પાસે તૈયાર કરાવેલ છે. જે આવતા આસો માસમાં લગભગ પ્રકટ થશે. ખરેખરી જ્ઞાનભક્તિનું આ ઉત્તમોત્તમ કાર્ય છે. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી અનેક જાણવા યોગ્ય વિષયો અને કથાઓ આવેલી છે.

---

## સુંદર વાંચવા લાયક ચરિત્રો.

### તીર્થંકર ભગવાન અને આદર્શ મહાન્ પુરુષોનાં ચરિત્રો.

### સિલિકે જુજ છે જલદી મંગાવો.

નીચેના તીર્થંકર ભગવાન અને સત્ત્વશાળી મહાપુરુષોના ચરિત્રોની ઘણી થોડી નકલ બાકી છે, ફરી છપાય તેમ નથી. જદી મંગાવો.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ બીજો | રૂા. ૨–૮–૦ | ૧૨ શ્રી શત્રુંજયનો સોળમો ઉદ્ધાર શ્રી કર્માશાહનું ચરિત્ર | રૂા. ૦–૪–૦ |
| ૨ સુમુખ નૃપાદિ કથાઓ | રૂા. ૧–૦–૦ | ૧૩ ધર્મબિંદુ અર્થ સહિત | રૂા. ૨–૦–૦ |
| ૩ જૈન નરરત્ન ભામાશાહ | રૂા. ૨–૦–૦ | ૧૪ ધર્મ પરીક્ષા | રૂા. ૧–૦–૦ |
| ૪ શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર | રૂા. ૧–૦–૦ | ૧૫ ચૌદરાજ લોકપૂજા | રૂા. ૦–૪–૦ |
| ૫ મહારાજા ખારવેલ | રૂા. ૦–૧૨–૦ | ૧૬ બ્રહ્મચર્ય પૂજા | રૂા. ૦–૪–૦ |
| ૬ શ્રી વિજયાનંદસૂરિ | રૂા. ૦–૮–૦ | ૧૭ સમ્યકત્વ દર્શન પૂજા | રૂા. ૦–૨–૦ |
| ૭ શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | રૂા. ૧–૮–૦ | ૧૮ ધર્મ પરીક્ષા | રૂા. ૧–૦–૦ |
| ૮ કુમાર વિહાર શતક | રૂા. ૧–૮–૦ | ૧૯ નવસ્મરણ | રૂા. ૦–૮–૦ |
| ૯ શ્રીપાળ રાસ સચિત્ર | રૂા. ૪–૦–૦ | ૨૦ શ્રી મહાવીર યુગની મહાદેવીઓ | રૂા. ૩–૮–૦ |
| ૧૦ સમ્યકત્વ કૌમુદી | રૂા. ૧–૦–૦ | | |
| ૧૧ શ્રી શત્રુંજય પંદરમો ઉદ્ધાર સમરાશાહનું ચરિત્ર | રૂા. ૦–૪–૦ | | |

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only